


PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 245
Dt.: 17-05-2026,
Sunday
Page : 04
Rs.00.50 paisa


### નેધરલેન્ડ્સમાં ભારતીય સમુદાય સામે પીએમ મોદીનું મોટું નિવેદન

# યુદ્ધની સ્થિતિ નહીં સુધરે તો દાયકાઓ સુધી ભારે પડશે

## મોદીએ ઈરાન-અમેરિકા યુદ્ધ અને હોર્મુઝ સ્ટ્રેટના નાકાબંધીથી પેદા થયેલા વૈશ્વિક ઊર્જા સંકટ, યુદ્ધ અને સપ્લાઈ ચેન સંબંધિત પડકારો પર ચિંતા વ્યક્ત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નેધરલેન્ડ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હાલ નેધરલેન્ડના પ્રવાસે છે અને અહીં તેમમે ભારતીય સમુદાયને સંબોધન કર્યું. તેમણે કહ્યું કે અહીંનો માહોલ જોઈને એવું લાગે છે કે જાણે તેઓ ભારતમાં હોય. નેધરલેન્ડના ધ હેગને દુનિયા સિટી ઓફ પીસ તરીકે ઓળખે છે. પીએમ મોદીએ અહીં ભારતીય સમુદાયને સંબોધન કરતા અનેક મહત્વની વાતો શેર કરી. પીએમ મોદીએ કહ્યું કે આજનું ભારત મોટા સપના જોઈ રહ્યું છે. ભારતે ચાંદ પર જ્યાં દુનિયાનો કોઈ દેશ પહેલા પહોંચી શક્યો નથી ત્યાં પહોંચીને પણ ઈતિહાસ રચ્યો.

પીએમ મોદીએ કહ્યું કે જ્યારે પણ તેમની નેધરલેન્ડના નેતૃત્વ સાથે વાતચીત થઈ ત્યારે તેમણે હંમેશા ભારતીય સમુદાયના વખાણ કર્યા છે. તેમણે જણાવ્યું કે સમયની સાથે અનેક ચીજો બદલાઈ પરંતુ ભારતની સંસ્કૃતિ આજે પણ લોકોના દિલમાં વસેલી છે. સમય બદલાયો, પરંતુ સંસ્કાર અને પોતાનાપણું બદલાયું નથી.

પીએમ મોદીએ આજનો આ ૧૬ મેનો દિવસ ખુબ ખાસ ગણાવ્યો. તેમણે કહ્યું કે આજના દિવસે જ ૧૨ વર્ષ પહેલા ૨૦૧૪માં લોકસભા ચૂંટણીના પરિણામ આવ્યા હતા. દાયકાઓ બાદ ભારતમાં સ્થિર અને પૂર્ણ બહુમતવાળી સરકાર બનવાનું નક્કી થયું હતું. એક એ દિવસ હતો અને એક આજનો દિવસ છે. કોટિ કોટિ ભારતવાસીઓનો વિશ્વાસ મને ન તો અટકવા દે છે કે ન તો થાકવા દે છે.



પીએમ મોદીએ કહ્યું કે આજે ભારતમાં જે સોલર પાર્ક બની રહ્યા છે તે વિશ્વમાં સૌથી મોટા પાર્કમાંથી એક છે. સૌથી ઊંચી અને સૌથી લાંબી ટનલ હોય, સૌથી ઊંચા અને સૌથી લાંબા પુલ હોય, સૌથી લાંબા એક્સપ્રેસ વે હોય, સૌથી મોટું મેટ્રો નેટવર્ક હોય, કે સૌથી મોટું સિવિલ એવિએશન નેટવર્ક હોય, સૌથી મોટું ઈલેક્ટ્રિફાઈડ રેલ નેટવર્ક હોય તેમાંથી અનેક આજે ભારતમાં બની રહ્યા છે.

પીએમ મોદીએ વર્તમાન સ્થિતિ પર ગંભીરતા વ્યક્ત કરતા કહ્યું કે પહેલા કોવિડ આવ્યો, પછી યુદ્ધ થવાના શરૂ થયા અને હવે વર્તમાન ઉર્જા સંકટ છે. આ દાયકો દુનિયા માટે આફતોનો દાયકો બની રહ્યો છે. જો આ સ્થિતિઓ ઝડપથી નહીં બદલાય તો વીતેલા અનેક દાયકાઓની સિદ્ધિઓ પર પાણી ફરી વળશે. દુનિયાની વસ્તીનો મોટો ભાગ ફરીથી ગરીબીના દલદલમાં ધકેલાશે. આવી વૈશ્વિક સ્થિતિઓમાં આજે દુનિયા રેઝિલિએન્ટ સપ્લાય ચેનની વાત કરી રહી છે ત્યારે ભારત અને નેધરલેન્ડ્સ મળીને એક ભરોસાપાત્ર, પાદર્શક અને ભવિષ્ય માટે તૈયાર સપ્લાય ચેઈન બનાવવામાં લાગ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે આજે ભારતમાં દર મહિને ૨૦ બિલિયનથી વધુ યુપીઆઈ ટ્રાન્ઝેક્શન થાય છે એટલે કે આખી દુનિયામાં થઈ રહેલા ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાંથી અડધાથી વધુ ફક્ત ભારતમાં થાય છે. ૧૨ વર્ષ પહેલા દેશમાં ૫૦૦થી ઓછા સ્ટાર્ટઅપ હતા. આજે આ સંખ્યા વધીને ૨ લાખથી પણ વધુ થઈ છે. ચીપ વિશે બોલતા તેમણે કહ્યું કે ભારત ચીપ મેકિંગમાં સેમિકન્ડક્ટર સેક્ટરમાં પણ મોટા પગલાં ભરવા જઈ રહ્યું છે. હાલ ભારતમાં ૧૨ સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સ પર કામ ચાલે છે. જેમાંથી બે પ્લાન્ટ્સમાં પ્રોડક્શન પણ શરૂ થઈ ચૂક્યું છે. એટલે કે હવે ચીપ પણ ડિઝાઈન્ડ ઈન ઈન્ડિયા, મેઈડ ઈન ઈન્ડિયા હશે.

### NEET કેસમાં મોટી ધરપકડ

# NTA ના એક્સપર્ટ ટીચરે જ લીક કરાવ્યું હતું બાયોલોજીનું પેપર

## પેપર લીક કેસમાં સીબીઆઈએ પુણેના સીનિયર બોટની ટીચર મનીષા ગુરૂનાથ મંડારેની ધરપકડ કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

**NEET-UG 2026** પેપર લીક કેસમાં **CBI** એ બોટનીના શિક્ષક અને માસ્ટરમાઈન્ડ મનીષા મંધારેની ધરપકડ કરી છે. તપાસ દરમિયાન ચોંકાવનારા ખુલાસા થયા છે. **CBI** પ્રમાણે મનીષા મંધારેની **NTA** એ **NEET-UG 2026** પરીક્ષા પ્રક્રિયામાં એક્સપર્ટ તરીકે નિમણૂંક કર્યા હતા. આ કારણે તેની બોટની અને ઝૂલોજીના પ્રશ્નપત્રો સુધી પહોંચ હતી. તપાસમાં સામે આવ્યું કે એપ્રિલ ૨૦૨૬ દરમિયાન તેણે પુણેની મનીષા વાધમારે દ્વારા ઘણા નીટ પરીક્ષાર્થીને જોડ્યા હતા. પોલીસ મનીષા વાધમારેની ૧૪ મેએ ધરપકડ કરી ચૂકી છે. **CBI** ની તપાસમાં સામે આવ્યું કે મંધારે પોતાના પુણે સ્થિત ઘર પર વિદ્યાર્થીઓ માટે ખાસ કોચિંગ ક્લાસ ચલાવતી હતી. આ ક્લાસમાં તેણે બોટની અને ઝૂલોજીના ઘણા સંભવિત સવાલ વિદ્યાર્થીઓને જણાવ્યા, તેણે નોટબુકમાં લખાવ્યા અને પુસ્તકોમાં માર્ક પણ કરાવ્યા. તપાસમાં સામે આવ્યું કે આ સવાલોમાં મોટા ભાગના સવાલ ૩ મે ૨૦૨૬ના યોજાયેલી નીટ યુજીની પરીક્ષાના પેપરથી મેચ થાય છે. સીબીઆઈએ જણાવ્યું કે છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં ૬ જગ્યાએ દરોડા પાડવામાં આવ્યા છે. આ દરમિયાન ઘણા મહત્વના દસ્તાવેજ, લેપટોપ, બેંક સ્ટેટમેન્ટ અને મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા છે. આ બધા ઈલેક્ટ્રોનિક અને દસ્તાવેજીય પુરાવાની તપાસ કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે આ મામલો શિક્ષણ મંત્રાલયના ઉચ્ચ શિક્ષણ વિભાગની ફરિયાદ બાદ ૧૨ મે ૨૦૨૬ના સીબીઆઈએ કેસ દાખલ કર્યો હતો. કેસ દાખલ છતાં ઘણી વિશેષ ટીમ બનાવવામાં આવી અને દેશભરમાં દરોડા શરૂ થયા હતા. સીબીઆઈએ જણાવ્યું કે અત્યાર સુધી આ મામલામાં દિલ્હી, જયપુર, ગુરુગ્રામ, નાસિક, પુણે અને અહિલ્યાનગરમાંથી કુલ ૯ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. તેમાંથી ૫ આરોપીઓને કોર્ટમાં રજૂ કરી ૭ દિવસની પોલીસ રિમાન્ડ પર લેવામાં આવ્યા છે. તો શુક્રવારે ધરપકડ કરાયેલા ૨ આરોપીઓને પુણેની કોર્ટમાં રજૂ કર્યા બાદ ટ્રાન્ઝિટ રિમાન્ડ પર દિલ્હી લાવવામાં આવ્યા છે. તપાસ એજન્સીઓનું કહેવું છે કે અત્યાર સુધીની તપાસમાં કેમેસ્ટ્રી અને બાયોલોજી પેપર લીકના અસલી સ્રોતની જાણકારી મળી ગઈ છે. સાથે તે વચેટિયાઓની પણ ઓળખ થઈ છે, જેણે લાખો રૂપિયાથી લઈને છાત્રોને તે સ્પેશિયલ ક્લાસ સુધી પહોંચાડ્યા, જ્યાં પરીક્ષામાં આવતા સવાલ પહેલાથી જણાવવામાં આવી રહ્યાં હતી. સીબીઆઈનું કહેવું છે કે તપાસ માટે દરોડા પાડવામાં આવી રહ્યાં છે. આ મામલામાં ઘણા લોકોની પૂછપરછ થઈ રહી છે. તપાસ નિષ્ફક્ષતા અને પ્રોફેશનલ રીતે કરવામાં આવી રહી છે. આ મામલામાં કેમેસ્ટ્રી લેક્ચરર પીવી કુલકર્ણી અને બોટનીના ટીચર મનીષા ગુરૂનાથ બંનેની **NTA** એ **NEET- UG 2026** પરીક્ષા પ્રક્રિયામાં એક્સપર્ટ તરીકે નિમણૂંક કરી હતી. બંનેએ પેપર લીક કરવા માટે પુણેની રહેવાસી મનીષા વાધમારે નામની મહિલાનો સહારો લીધો હતો. મનીષાએ જ નીટની તૈયારી કરનાર પૈસાદાર પરિવારના વિદ્યાર્થીઓને એકત્ર કર્યા હતા. ત્યારબાદ એક સ્પેશિયલ ક્લાસ પીવી કુલકર્ણી માટે અને એક સ્પેશિયલ ક્લાસ મનીષા રઘુનાથ માટે ચલાવવામાં આવ્યો. આ સ્પેશિયલ ક્લાસમાં પેપર લીક કરવામાં આવ્યું હતું. મનીષા વાધમારે આ પેપર લીક કેસમાં એક મહત્વની કડી છે. મનીષાનું એકાઉન્ટ પણ સીઝ કરવામાં આવ્યું છે. સૂત્રો પ્રમાણે આ કેસમાં વધુ એક મોટી ધરપકડ થવાની સંભાવના છે.

# માર્ગ અકસ્માત વળતરમાંથી મેડિક્લેમના પૈસા કાપી શકાશે નહીંઃ સુપ્રીમ કોર્ટનો મોટો ચુકાદો

## જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની બેન્ચે ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડની અપીલને ફગાવી દીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે માર્ગ અકસ્માતના કેસોને લઈને એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે જો અકસ્માતનો ભોગ બનેલી કોઈ વ્યક્તિને તેની મેડિકલ ઈન્સ્યોરન્સ (મેડિક્લેમ) પોલિસી તરફથી હોસ્પિટલના ખર્ચના પૈસા મળ્યા હોય, તો પણ તે રકમને મોટર વહીકલ એક્ટ **(MVA)** હેઠળ મળતા અકસ્માત વળતરમાંથી કાપી શકાય નહીં.



જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની બેન્ચે ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડની અપીલને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટના એ આદેશને સંપૂર્ણપણે માન્ય રાખ્યો છે, જેમાં કહેવાયું હતું કે અકસ્માતના વળતરની ગણતરી કરતી વખતે મેડિક્લેમ દ્વારા મળેલું મેડિકલ બિલનું રિઈમ્બર્સમેન્ટ બાદ કરી શકાય નહીં, કારણ કે વીમાના પૈસા વ્યક્તિએ પોતે ભરેલા પ્રીમિયમના કારણે મળે છે જ્યારે અકસ્માત વળતર એ તેનો કાયદાકીય અધિકાર છે.

સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું કે મોટર વહીકલ એક્ટ હેઠળ મળતું વળતર અને મેડિક્લેમ પોલિસીના ફાયદા, બંને સંપૂર્ણપણે અલગ બાબતો છે. અદાલતે જણાવ્યું કે મોટર વહીકલ એક્ટ હેઠળ મળતું વળતર એ એક કાયદાકીય (સ્ટેચ્યુટરી) અધિકાર છે, જે અકસ્માત કે મૃત્યુના કારણે ઊભો થાય છે. જ્યારે બીજી તરફ, મેડિક્લેમ એ એક ખાનગી કરાર (કોન્ટ્રેક્ટ) છે. વ્યક્તિ પોતાના જીવનની અનિશ્ચિતતાઓ અને ભવિષ્યની તબીબી કટોકટીને પહોંચી વળવા માટે વર્ષો સુધી પોતાના ખિસ્સામાંથી પ્રીમિયમ ભરે છે, ત્યારે તેને આ વીમાનો લાભ મળે છે. તેથી, વ્યક્તિએ ભરેલા પ્રીમિયમના બદલામાં મળતા લાભને કારણે કાયદાકીય વળતરમાં ઘટાડો કરી શકાય નહીં.

વીમા કંપનીએ કોર્ટમાં એવી દલીલ કરી હતી કે જો કોઈ વ્યક્તિને હોસ્પિટલનો ખર્ચ મેડિક્લેમમાંથી પાછો મળી ગયો હોય અને ફરીથી તે જ રકમ અકસ્માત વળતર તરીકે ચૂકવવામાં આવે, તો તે એક જ નુકસાન માટે બેવડો લાભ (ડબલ બેનિફિટ) અને અન્યાયી કમાણી ગણાશે. જોકે, સુપ્રીમ કોર્ટે આ દલીલને નકારી કાઢી હતી.

કોર્ટે કહ્યું કે બેવડા લાભનો નિયમ ત્યારે જ લાગુ પડે જ્યારે બંને ચૂકવણીઓ એક જ કાયદાકીય સ્રોત અથવા એક જ ક્ષેત્રમાંથી થતી હોય. આ કિસ્સામાં, જો વીમા કંપનીની દલીલ સ્વીકારવામાં આવે, તો જે લોકો વર્ષોથી પ્રીમિયમ ભરે છે તેઓ પોતાના જ વીમાના લાભથી વંચિત રહી જશે. આ ઉપરાંત, અકસ્માત કરનાર વાહનની વીમા કંપનીને તેનાથી ખોટો ફાયદો થશે, કારણ કે તેને માત્ર એટલા માટે તબીબી ખર્ચ ચૂકવવામાંથી મુક્તિ મળી જશે કારણ કે પીડિત પાસે પોતાની મેડિક્લેમ પોલિસી હતી.

# ભાવ વધારાની અસરના કારણે બીજી અનેક વસ્તુઓ મોંઘી થઈ શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં હાલમાં જ લગભગ ૩ રૂપિયાનો વધારો ઝીંકાયો છે. પરંતુ જો તમને એમ લાગતું હોય કે આ ભાવ વધારો ખાલી પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારા સુધી જ સીમિત રહેશે તો તમારી ભૂલ છે. કારણ કે આ ભાવ વધારાની અસરના કારણે બીજી અનેક વસ્તુઓ મોંઘી થઈ શકે છે.

રોજબરોજના વપરાશવાળી અનેક ચીજોથી લઈને તમારું માસિક ગ્રોસરી બિલ પણ વધી શકે છે. કારણ કે લોજિસ્ટિક ખર્ચો પણ વધશે. વિશેષજ્ઞો અને **FMCG** કંપનીઓ પણ ચેતવણી આપી રહી છે કે ક્રૂડ ઓઈલના ભાવમાં સતત અસ્થિરતા અને વધતા લોજિસ્ટિક ખર્ચાના કારણે રોજબરોજના વપરાશની વસ્તુઓના ભાવ ધીરે ધીરે વધી શકે છે. જેની અસર તમારા ઘરના બજેટ, કરિયાણાના બિલ અને રોજબરોજની સેવાઓ પર જોવા મળી શકે છે.

ઝડપથી વેચાતા કન્ઝ્યૂમર પ્રોડક્ટ્સ **(FMCG)**ની મોટી કંપનીઓએ પહેલેથી જ ખર્ચાના દબાણ અંગે ચિંતા જતાવવાનું શરૂ કરી દીધુ છે. બિસ્કિટ, સ્નેક્સ, ઈન્સ્ટન્ટ નૂડલ્સ, ખાદ્ય તેલ, પેકેટબંધ ફૂડ પ્રોડક્ટ્સ અને ડ્રિંક પ્રોડક્ટ્સ જેવા ઉત્પાદનો લોજિસ્ટિક નેટવર્ક પર ઘણું નિર્ભર કરે છે. ઓપેરશન કોસ્ટનો ૬ થી ૧૦ ટકા ભાગ લોજિસ્ટિકમાં ખર્ચાય છે. આથી ડીઝલના ઊંચા ભાવ તેના ખર્ચા વધારી શકે છે.

દૂધ અને દૂધ પ્રોડક્ટ્સ : દૂધના ભાવમાં પહેલેથી જ ભાવ વધારાના સંકેત મળી રહ્યા હતા. અમૂલ અને મધર ડેરીએ તો દૂધના ભાવમાં પ્રતિ લીટર ૨ રૂપિયા જેટલો વધારો કરી નાખ્યો છે. જેનું આંશિક કારણ પરિવહન અને પરિચાલન ખર્ચામાં વધારો જણાવવામાં આવ્યો છે. હવે દૂધના ભાવ વધવાથી દૂધમાંથી બનતી વસ્તુઓ જેમ કે દહીં, માખણ, પનીર, ચીઝ અને આઈસક્રીમના ભાવ પણ વધી શકે છે.

શાકભાજી, ફળો અને કરિયાણું : ભારતની ફૂડ આપૂર્તિ ચેન મોટાભાગે રોડ પરિવહન પર નિર્ભર કરે છે. શાકભાજી, ફળ, અનાજ, દાળો, પેકેજ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે લોજિસ્ટિક ખર્ચો વધી જાય છે. આવામાં ડીઝલના ભાવ વધવાથી માલની હેરફેરમાં થતો ખર્ચો વધે છે. જેને મોટાભાગે સપ્લાય ચેનના માધ્યમથી ગ્રાહકો પર ઝીંકવામાં આવે છે.

અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે જો ફયૂલના ભાવ લાંબા સમય સુધી ઉથલપાથલમાં રહે તો રસોડાના બજેટ પર મોંઘવારીનું દબાણ વધી શકે છે.

ખેતીવાડી ખર્ચામાં વધારો : ખેડૂત મુખ્યત્વે ડીઝલથી ચાલતા ઉપકરણો પર નિર્ભર હોય છે જેમ કે ટ્રેક્ટર, સિંચાઈ પંપ, પાક લેવા માટેની મશીનરી, પરિવહન વાહન વગેરે સામેલ છે.

ડીઝલના વધતા ખર્ચાથી કૃષિ ખર્ચો વધે છે. સમય સાથે કૃષિમાં થતા ખર્ચામાં વધારાના કારણે ગ્રાહકો સુધી પહોંચતી ફૂડ પ્રોડક્ટ્સના ભાવ વધે છે. વિશેષજ્ઞોનું કહેવું છે કે જો ઈંધણના ભાવ ઊંચા રહેશે તો ગ્રામીણ પરિવારો પર તેની અસર વધુ પડી શકે છે.

ઓનલાઈન ડિલીવરી અને ઈ કોમર્સ સેવા : ફૂડ ડિટેલ પ્લેટફોર્મ, કૂરિયર કંપનીઓ અને ઓનલાઈન શોપિંગ કંપનીઓ લોજિસ્ટિક નેટવર્ક પર કામ કરે છે.

ફયૂલના વધતા ભાવથી અંતિમ મીલનો ડિલિવર ખર્ચ વધી જાય છે. આ વધારામાં ડિલિવરી ખર્ચમાં વધારો, છૂટની કમી, મિનિમમ ઓર્ડર પ્રાઈસમાં વધારો અને એક્સ્ટ્રા સર્વિસ ટેક્સ સામેલ છે.

રોજબરોજના વપરાશની વસ્તુઓ : સાબુ, શેમ્પુ, ડિટર્જન્ટ, સફાઈ કામ માટે તથા વ્યક્તિગત દેખભાળ સહિતની વસ્તુઓના ભાવ વધી શકે છે.







# તંત્રી લેખ......

## ભોજશાળા એક મંદિર

મધ્યપ્રદેશના ધારમાં ભોજશાળા મંદિર-કમલ મૌલા મસ્જિદ કેસમાં, ઈન્દોર હાઈકોર્ટનો નિર્ણય, જેમાં ભોજશાળા સંકુલ એક હિન્દુ મંદિર હોવાનું તારણ કાઢવામાં આવ્યું, તે આશ્ચર્યજનક નથી. હાઈકોર્ટે પોતાના નિર્ણયમાં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના આદેશને ઉલટાવી દીધો જેમાં ભોજશાળા સંકુલમાં શુક્રવારે નમાજ અદા કરવા અને મંગળવારે પૂજા કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યો હતો.

હાઈકોર્ટે મુસ્લિમ સમુદાયને મસ્જિદ માટે સરકાર પાસેથી અલગ જમીનની વિનંતી કરવા કહ્યું છે. આ નિર્ણય અયોધ્યા કેસમાં સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક નિર્ણયની યાદ અપાવે છે. ઈન્દોર હાઈકોર્ટના નિર્ણયથી કોઈને આશ્ચર્ય ન થવું જોઈએ, કારણ કે તે કોઈ રહસ્ય નથી કે પરમાર વંશના રાજા ભોજના વંશજોએ ભોજશાળા સંકુલમાં દેવી વાગદેવી અથવા દેવી સરસ્વતીને સમર્પિત એક મંદિર બનાવ્યું હતું. તે એક સમયે સંસ્કૃત શિક્ષણનું મુખ્ય કેન્દ્ર હતું.

આ ધાર્મિક સ્થળ મંદિર હોવાના પુરાવા અયોધ્યામાં મળેલા કમલ મૌલા મસ્જિદ કરતાં પણ વધુ સ્પષ્ટ રીતે કોતરેલા હતા. ઈન્દોર હાઈકોર્ટ આ વિવાદિત સ્થળ પર પોતાનો નિર્ણય આપી શક્યું કારણ કે તે ૧૯૫૮ના કાયદા હેઠળ એએસઆઈ-સંરક્ષિત સ્મારક છે. નહિંતર, ૧૯૯૧ માં પસાર થયેલા ધાર્મિક સ્થળો અધિનિયમને કારણે આ સ્થળ પર યથાસ્થિતિ જાળવી રાખવામાં આવી હોત. કમનસીબે, આ ભેદભાવપૂર્ણ કાયદો ધાર કેસ જેવા અન્ય કેસોનો ઉકેલ લાવવાથી રોકે છે, અને આ સમયાંતરે વિવાદો તરફ દોરી જાય છે જે સાંપ્રદાયિક સંવાદિતાને નકારાત્મક અસર કરે છે.

ધાર કેસમાં હાઈકોર્ટના નિર્ણયથી કોઈ સાંપ્રદાયિક અશાંતિ થઈ નથી તે સારું છે, પરંતુ એ ચોક્કસ છે કે આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવશે. આ મામલે સુપ્રીમ કોર્ટનો નિર્ણય ગમે તે હોય, તે અવગણવું જોઈએ નહીં કે આવા અસંખ્ય કેસ અસ્તિત્વમાં છે. ધાર્મિક સ્થળો અધિનિયમ, જે તેમના નિરાકરણમાં અવરોધ ઉભો કરે છે, તેને પણ પડકારવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટ માટે આ કાયદા સામે દાખલ કરાયેલી અરજીઓનો ઝડપી નિકાલ કરવો યોગ્ય રહેશે.

સંડોવાયેલા પક્ષો, હિન્દુઓ અને મુસ્લિમો માટે પણ પરસ્પર સંમતિથી વિવાદિત ધાર્મિક સ્થળોનો ઉકેલ લાવવા યોગ્ય રહેશે. આનાથી પરસ્પર સંવાદિતા વધશે. આ ત્યારે જ શક્ય બનશે જ્યારે મુસ્લિમ પક્ષ એ વાસ્તવિકતા સ્વીકારે કે ગઝનવી, ઘોરી, ખિલજી, બાબર અને ઔરંગઝેબ જેવા આક્રમણકારોએ માત્ર સેંકડો મંદિરોનો નાશ કર્યો જ નહીં પરંતુ તેમના ખંડેરમાંથી મસ્જિદો પણ બનાવી હતી. આ ફક્ત અયોધ્યા અને ધારમાં જ નહીં, પરંતુ વારાણસી, મથુરા, સંભલ અને જૌનપુર અને અન્ય અસંખ્ય સ્થળોએ પણ કરવામાં આવ્યું હતું.

### કિંમતી પાટોની સુરક્ષા માટે પોલીસ ગોઠવવી પડી

## પાલઘર પાસે રૂ.૧૭ કરોડની ચાંદી ભરેલી વેનનો અકસ્માત : ૨ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મુંબઈ-અમદાવાદ રાષ્ટ્રીય રાજમાર્ગ પર પાલઘરના ચારોટી નાકા નજીક એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં મુંબઈથી આશરે ૧૭ કરોડ રૂપિયાની કિંમતની ૬૦૦ કિલો ચાંદીની પાટો ભરીને વાપી જઈ રહેલી એક સિક્યોરિટી વેન ડિવાઈડર કૂદીને સામેથી આવતા ટ્રેલર સાથે ભટકાયા બાદ પલટી મારી ગઈ હતી. આ દુર્ઘટનામાં બે લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. મળતી માહિતી અનુસાર, મુંબઈની નાકોડા બુલિયન કંપનીની વેન શુક્રવારે (૧૫મી મે) વહેલી સવારે આશરે છથી સાડા છ વાગ્યાના અરસામાં ચાંદીનો મોટો જથ્થો લઈને વાપી જીઆઈડીસી (GIDC)માં આવેલી એક કંપનીમાં જવા રવાના થઈ હતી. જો કે, ચારોટી ફ્લાયઓવર નજીક પહોંચતા જ વેનના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. કાબૂ બહાર ગયેલી વેન ગુજરાત તરફ જતી લેનનું ડિવાઈડર તોડીને સીધી સામેની મુંબઈ તરફ જતી લેનમાં ઘૂસી ગઈ હતી. બરાબર એ જ સમયે સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલા એક ટ્રેલર સાથે વેનની જોરદાર ટક્કર થઈ હતી.

અકસ્માત એટલો ભયાનક હતો કે વેનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. વેનના ડ્રાઈવર અને અંદર તહેનાત સિક્યોરિટી ગાર્ડનું ગંભીર ઈજાઓ થવાના કારણે ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે વાહનમાં સવાર અન્ય એક વ્યક્તિને ગંભીર હાલતમાં સ્થાનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની સ્થિતિ નાજુક હોવાનું કહેવાય છે.

અકસ્માતના પગલે વેનનો પાછળનો ભાગ તૂટી જતાં અંદર રાખેલી કરોડો રૂપિયાની કિંમતી ચાંદીની પાટો હાઈવે પર ખુલ્લી થઈ ગઈ હતી. કિંમતી ધાતુ રોડ પર જોઈને આસપાસના લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ પાલઘર પોલીસનો મોટો કાફલો તાત્કાલિક હાઈવે પર દોડી આવ્યો હતો. કોઈ અસામાજિક તત્વો કે સ્થાનિક લોકો કિંમતી ચાંદીની પાટો આઘીપાછી (ચોરી) ન કરી જાય તે માટે પોલીસે તાબડતોબ સમગ્ર અકસ્માત સ્થળને કોર્ડન કરી લીધું હતું અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. પોલીસે કાયદેસરની કાર્યવાહી કરીને ચાંદીનો તમામ જથ્થો સુરક્ષિત રીતે પોતાના હસ્તક લીધો હતો અને અકસ્માતગ્રસ્ત વાહનને ક્રેનની મદદથી હાઈવે પરથી ખસેડી વાહનવ્યવહાર પૂર્વવત કર્યો હતો.

## સેલ્ફ ડ્રાઈવના નામે કાર લઈ ગઠિયો રફુચક્કર થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

કાર ભાડે લેવાના બહાને છેતરપિંડીના અનેક કિસ્સાઓ બની રહ્યા છે અને ગઠીયા પકડાઈ રહ્યા હોવા છતાં હજી આ પ્રકારના બનાવો બની રહ્યા છે. આવા જ એક કિસ્સામાં વડોદરાના યુવકે થાર ગાડી ગુમાવી છે. ન્યુ વીઆઈપી રોડ પર રાજીવ નગરમાં રહેતા અને રેડીમેટ ગારમેન્ટની દુકાન ધરાવતા ધર્મેશ પ્રજાપતિએ પોલીસને કહ્યું છે કે મારા પિતાએ થાર ગાડી લીધી હતી પરંતુ તેનો વધુ ઉપયોગ નહીં થતો હોવાથી મારા મિત્ર કરણ તડવીના કહેવાથી આ ગાડી સેલ્ફ ડ્રાઈવ માટે ભાડે આપવાનું નક્કી કર્યું હતું. કરણે આ બાબતે તેના સોશિયલ મીડિયાના એકાઉન્ટ પર જાહેરાત મૂકી હતી. ગઈ તા.૧૩મી માર્ચે જયેશ ભુપેન્દ્રભાઈ પરમાર (સમિયાલા ગામ, વડોદરા) નામના એક યુવકે દમણ જવા માટે બે દિવસ કાર માગી હતી અને એક દિવસનું રૂ.૬,૫૦૦ લેખે ભાડું નક્કી કર્યું હતું. તા.૧૫મી એ ફતેગંજ વિસ્તારમાં તેની પાસે કાગળ ઉપર સહી કરાવી તેના ઓળખ પત્ર લઈ કાર આપવામાં આવી હતી. પરંતુ બે દિવસ બાદ તેનો કોઈ પત્તો લાગ્યો ન હતો અને ફોન પણ બંધ થઈ ગયો હતો. જેથી ફતેગંજ પોલીસને જાણ કરતા જયેશ પરમાર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### કેરીમાં મીઠાશ એટલે હોય છે, કારણ કે તેમાં ખેડૂતોનો પરિશ્રમ સમાયેલો છેઃ કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી

# ’કેસર કેરી મહોત્સવ-૨૦૨૬’નો શુભારંભ કરાવતાં કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી

### શહેરીજનોને કેસર કેરી મહોત્સવનો મહત્તમ લાભ લઈ, ઉચ્ચ ગુણવત્તાવાળી કાર્બાઈડ ફ્રી કેસર કેરીની મીઠાશને માણવા કૃષિમંત્રીનો અનુરોધ




કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ વર્ચ્યુઅલ માધ્યમથી અમદાવાદ હાટ ખાતે આયોજિત ’કેસર કેરી મહોત્સવ-૨૦૨૬’નો શુભારંભ કરાવતાં કહ્યું કે કેરી મીઠી એટલા માટે હોય છે, કારણ કે તેમાં ખેડૂતનો પરિશ્રમ ભળેલો હોય છે. આંબો રોપે ત્યાંથી માંડીને તેના પર મોર બેસે અને ફળ આવે ત્યાં સુધી ખેડૂત જીવની જેમ તેની માવજત કરે છે.

વડાપ્રધાનશ્રીની ઈંધણ બચાવવાની અપીલના પગલે કૃષિમંત્રીએ વર્ચ્યુઅલ માધ્યમથી કેરી મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે કૃષિ રાજ્યમંત્રી રમેશભાઈ કટારા પણ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા.

કૃષિમંત્રી વાઘાણીએ કહ્યું કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ કૃષિ વિભાગ હસ્તકના ગુજરાત એગ્રો દ્વારા ખેડૂતોને તેમના ઉત્પાદનનો પોષણક્ષમ ભાવ મળે અને શહેરીજનોને શુદ્ધ, રસાયણમુક્ત ફળો મળે તેવા આશય સાથે અમદાવાદના વસ્ત્રાપુર હાટ ખાતે ‘કેસર કેરી મહોત્સવ-૨૦૨૬’નું આયોજન કરવામાં આવ્યું છે.

તેમણે ઉમેર્યું કે ખેડૂતો પોતાના ખેત ઉત્પાદન સીધા શહેરી ગ્રાહકોને વેચી શકે તે માટે રાજ્ય સરકાર ‘કેસર કેરી મહોત્સવ’ જેવું એક માધ્યમ પૂરું પાડીને ખેડૂતોને સહાયરૂપ થઈ રહી છે. ખેડૂતોની આવક બમણી કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરુ કરેલી ઝૂંબેશમાં સહભાગી થઈ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોની આવકમાં વધારો કરવા તેમજ રસાયણમુક્ત અને પ્રાકૃતિક ખેતપેદાશોને પ્રોત્સાહિત કરવા માટે આવાં વિશેષ આયોજન હાથ ધરવામાં આવે છે.

કૃષિમંત્રીએ જણાવ્યું કે દર વર્ષે કરોડો રૂપિયાની કિંમતની ગુજરાતની કેરીની વિદેશમાં નિકાસ થાય છે અને ખેડૂતો તેનાથી નફો મેળવી રહ્યા છે. એટલું જ નહીં, આ કેરી આજે બ્રાન્ડ બની ચૂકી છે. તેમાંય હવે તો સ્થાનિક કક્ષાએ જ ઈ-રેડિયેશન પ્રમાણિત થઈને જ આ કેરીની નિકાસ થાય છે. જે ગૌરવની વાત હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે કૃષિ રાજ્ય મંત્રી રમેશ કટારાએ જણાવ્યું કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત કૃષિ ક્ષેત્રે સતત પ્રગતિ કરી રહ્યું છે. રાજ્ય સરકારની કૃષિ લક્ષી નીતિઓના કારણે ખેડૂતોની આવકમાં વધારો થયો છે. ખાસ કરીને, ગીર સોમનાથ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, કચ્છ અને દક્ષિણ ગુજરાતના વિસ્તારો કેસર કેરીના ઉત્પાદન માટે જાણીતા છે. વિદેશોમાં પણ ગુજરાતની કેસર કેરીની માંગમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.

કૃષિ વિભાગના અગ્રસચિવ આર.સી. મીણાએ કહ્યું કે ખેડૂતોની મહેનત લોકો સુધી પહોંચે અને તેનાં ફળ ખેડૂતોને મળે તે માટે રાજ્ય સરકાર માધ્યમ તરીકે કામ કરી રહી છે. કચ્છના ખેડૂતોને કચ્છમાં જ અમદાવાદનો ભાવ મળી રહે અને અમદાવાદના લોકોને કચ્છનો સ્વાદ પણ મળે તેવું આયોજન છે.

આ પ્રસંગે ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના એમ.ડી. શ્રી વિજય ખરાડીએ સ્વાગત પ્રવચનમાં સમગ્ર આયોજનનો હેતુ જણાવી આંકડાકીય વિગતો આપી હતી.

ઉલ્લેખનીય છે કે, કેસર કેરી મહોત્સવ-૨૦૨૬માં ઉભા કરાયેલા આશરે ૧૦૦ જેટલા સ્ટોલ પૈકી ૮૫ સ્ટોલ કેરી માટે અને ૧૫ સ્ટોલ GI ટેગ ખારેક માટે તૈયાર કરીને વિવિધ ખેડૂત મંડળીઓ, નેચરલ ફાર્મિંગ FPO તેમજ કેરી અને ખારેકનું ઉત્પાદન કરતા વ્યક્તિગત ખેડૂતોને વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા છે.

આ કેસર કેરી મહોત્સવ અંતર્ગત આગામી તા. ૧૫ જૂન સુધી કેરીનું તથા તા. ૧૬ થી ૨૫ જૂન દરમિયાન GI ટેગ ખારેકનું વેચાણ થશે. આ મહોત્સવ માત્ર ખરીદીનો પોઈન્ટ જ નહીં, શહેરી ગ્રાહકો અને ગ્રામ્ય ઉત્પાદકો વચ્ચે સીધા સંવાદ અને વિશ્વાસનું માધ્યમ બનશે, તેવો વિશ્વાસ આયોજકો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે.

આ મહોત્સવની મુલાકાત લઈ નગરજનો સીધા કેરી પકવતાં ખેડૂતો પાસેથી તાજી અને કાર્બાઈડ ફ્રી કેરી ખરીદી શકશે. આ મહોત્સવમાં નાગરિકોને તાલાલા-ગીર, જૂનાગઢ, અમરેલી, કચ્છ, વલસાડ અને નવસારી જેવા પ્રદેશોની સુપ્રસિદ્ધ અને સ્વાદિષ્ટ કેરીઓ ખરીદી માટે ઉપલબ્ધ થશે. આ વર્ષનું વિશેષ આકર્ષણ ગુજરાતની સુપ્રસિદ્ધ GI ટેગ પ્રાપ્ત ખારેક છે, જેનું પણ સીધું વેચાણ કરવામાં આવશે. આ અવસરે કૃષિ અને બાગાયત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ સહિત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

● બૉક્સ-૧

રંગ, સુગંધ અને મીઠાશનો ત્રિવેણી સંગમ એટલે કેસર કેરી

આજે આયોજિત કેસર કેરી મહોત્સવનાં ખેડૂતોએ પણ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. તેમણે જણાવ્યું કે રંગ, સુગંધ અને મીઠાશનો ત્રિવેણી સંગમ એટલે કેસર કેરી. વધુમાં, રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતાં આ પ્રકારના આયોજનો થકી ખેડૂતોની આવક વધવાની સાથે તેમનો આત્મવિશ્વાસ પણ વધ્યો છે. એક સમયે કચ્છથી જ્યાં માત્ર બે ટ્રક કેરી અમદાવાદ આવતી, ત્યાં આજે ૧૨ ટ્રક કેરી મોકલવામાં આવે છે.

● બૉક્સ-૨

વર્ષ-૨૦૨૫ના કેરી મહોત્સવમાં એક જ મહિનામાં ૩.૩૦ લાખ કિલોથી પણ વધુ કેરીનું વેચાણ થયું હતું

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ-૨૦૦૭થી રાજ્યમાં કેસર કેરી મહોત્સવની શરૂઆત કરાવી, ત્યારથી દર વર્ષે ઉનાળા દરમિયાન આ કેરી મહોત્સવનું રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવે છે. વર્ષ-૨૦૨૫માં યોજાયેલા ‘કેસર કેરી મહોત્સવ’માં અમદાવાદીઓએ માત્ર એક જ મહિનામાં રૂ. ૪ કરોડની કિંમતની ૩.૩૦ લાખ કિલોગ્રામથી વધુ કેરીની વિક્રમી ખરીદી કરી હતી.

### ૫,૯૩૦ ચોરસ મીટર વિસ્તારમાં સ્થાપિત આ પાર્ક ગુજરાતમાંથી પસાર થતા કર્કવૃત્તના ભૌગોલિક અને ખગોળીય મહત્વ વિશે માહિતી આપે છે

## સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સલાલ ગામ ખાતે નિર્મિત ટ્રોપિક ઑફ કેન્સર સાયન્સ પાર્ક પર્યટકોમાં જગાવી રહ્યો છે આકર્ષણ, ૨ મહિનામાં ૩૫૦૦થી વધુ મુલાકાતીઓ

### એક સેલ્ફ-એક્સપ્લેનેટરી પાર્ક જ્યાં એસ્ટ્રોનોમિકલ સ્ટ્રક્ચર્સ અને મુલાકાતીઓ માટેની સુવિધા ઉપલબ્ધ, ઉનાળુ વેકેશનને બનાવશે રસપ્રદ





ગુજરાતના નાગરિકો અને ખાસ કરીને વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસિત કરવા તેમજ ગુજરાતમાંથી પસાર થતા કર્કવૃત્તના ભૌગોલિક મહત્વ વિશે માહિતી આપવાના ઉદ્દેશથી રાજ્યના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ હેઠળની સંસ્થા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) દ્વારા સાબરકાંઠા જિલ્લામાં ટ્રોપિક ઑફ કેન્સર સાયન્સ પાર્કનું નિર્માણ કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ગત ૧૧ માર્ચ, ૨૦૨૬ના રોજ સાબરકાંઠા જિલ્લાના સલાલ ગામ ખાતે આ પાર્કનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, જે રાજ્યમાં વિજ્ઞાન વિષયના શિક્ષણ અને જાગૃતિને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ પહેલ છે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વૈજ્ઞાનિક વલણોને પ્રોત્સાહન આપવા પર, તેમજ બાળકોમાં આધુનિક વિજ્ઞાનની ક્ષમતાઓ અંગેની સમજણ વિકસિત થાય તેના પર હંમેશાં ભાર મૂક્યો છે.

આ સાયન્સ પાર્ક મુલાકાતીઓ માટે વિજ્ઞાન પર્યટનના કેન્દ્ર તરીકે પણ કામ કરી રહ્યો છે. પ્રવાસીઓમાં અને ખાસ કરીને વિજ્ઞાનમાં રસ ધરાવતા મુલાકાતીઓમાં આ પાર્ક અત્યારે અનોખું આકર્ષણ ઊભું કરી રહ્યો છે. ઉદ્ઘાટન થયા બાદ ૨ મહિનાના સમયગાળામાં લગભગ ૩૫૦૦થી વધુ મુલાકાતીઓએ ટ્રોપિક ઑફ સેન્ટર સાયન્સ પાર્કની મુલાકાત લીધી છે, અને ઉનાળાનું વેકેશન ચાલી રહ્યું છે ત્યારે મુલાકાતીઓની સંખ્યામાં વધારો થશે.

★રૂા.૮ કરોડના ખર્ચે ૫,૯૩૦ ચોરસ મીટરમાં આ સાયન્સ પાર્ક વિકસિત

ઉલ્લેખનીય છે કે, GUJCOST દ્વારા રૂા.૮ કરોડના અંદાજિત ખર્ચે લગભગ ૫૯૩૦ ચોરસ મીટર વિસ્તારમાં આ પાર્ક સ્થાપિત કરવામાં આવ્યો છે. આ પાર્કના ઉદ્ઘાટન સમયે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, નાગરિકો અને ખાસ કરીને વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વલણ કેળવવા માટે આવી પહેલો મહત્વપૂર્ણ છે.

આ પાર્ક કર્કવૃત્તના ભૌગોલિક અને ખગોળીય મહત્વને સમજવા માટે એક ઈન્ટરેક્ટિવ શૈક્ષણિક અને સંશોધન કેન્દ્ર તરીકે સેવા આપે છે, જેમાં પૃથ્વી અને સૂર્ય વચ્ચેના સંબંધો અને ઋતુગત ફેરફારોનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે, ઉષ્ણકટિબંધીય પ્રદેશો એ પૃથ્વીના એવા ભાગો છે જે પૃથ્વીના કેન્દ્રની નજીક છે અને તેમની પાસે અતિ સમૃદ્ધ જૈવવિવિધતાઓ છે. ઉષ્ણકટિબંધીય પ્રદેશ આશરે ૪૦% ભૂમિ વિસ્તારને આવરી લે છે જે કર્કવૃત્ત અને મકરવૃત્તની વચ્ચે આવે છે.

ટ્રોપિક ઑફ સેન્ટર (TOC) એટલે કે કર્કવૃત્ત, આપણી પૃથ્વીને વિભાજીત કરતા પાંચ મુખ્ય અક્ષાંશ વર્તુળોમાંનું એક છે, જેને ઉત્તરીય ઉષ્ણકટિબંધ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે પૃથ્વી પરનું સૌથી ઉત્તરીય અક્ષાંશ વર્તુળ છે, જ્યાં સૂર્ય તેની પરાકાષ્ઠાએ સીધો માથાની ઉપર દેખાઈ શકે છે.

★કર્કવૃત્ત ગુજરાતના સાત જિલ્લાઓમાંથી પસાર થાય છે

કર્કવૃત્ત એ વિષુવવૃત્તથી ૨૩.૫૦ ડિગ્રી ઉત્તરના ખૂણા પરની એક કાલ્પનિક રેખા છે, જે ભારત સહિત ૧૬ દેશો, ૩ ખંડો અને વિશ્વભરના ૬ જળસંગ્રહોમાંથી પસાર થાય છે. ભારતમાં, કર્કવૃત્ત આઠ રાજ્યોમાંથી પસાર થાય છે, જેમાં ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ત્રિપુરા અને મિઝોરમનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં, તે સાત જિલ્લાઓમાંથી પસાર થાય છે, જેમ કે, (૧) અરવલ્લી, (૨) સાબરકાંઠા, (૩) ગાંધીનગર, (૪) મહેસાણા, (૫) સુરેન્દ્રનગર, (૬) પાટણ અને (૭) કચ્છ. કર્કવૃત્ત ગુજરાતની ઉત્તરીય સરહદમાંથી પસાર થાય છે, જેના કારણે રાજ્યમાં ખૂબ જ ગરમ અથવા અથવા તો ખૂબ જ ઠંડું વાતાવરણ રહે છે.

કર્કવૃત્ત (TOC) અને તેના મહત્વ વિશે જાગૃતિ અને સમજણ કેળવવા તેમજ આ સાઈટને એક સંશોધન કેન્દ્ર (એક્સપ્લોરેશન પોઈન્ટ) તરીકે વિકસાવવા માટે, સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર હાઈવે આ ટ્રોપિક ઑફ કેન્સર સાયન્સ પાર્ક વિકસાવવામાં આવ્યો છે.

★ખુલ્લા આકાશ નીચે વિજ્ઞાનની જીવંત પ્રયોગશાળા

ટ્રોપિક ઑફ કેન્સર સાયન્સ પાર્કની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં વિજ્ઞાનને માત્ર વાંચવામાં જ નથી આવતું, પરંતુ તેને અનુભવી શકાય છે. પાર્કમાં વિવિધ પ્રદર્શનો અને સાધનો દ્વારા મુલાકાતીઓને સમજાવવામાં આવે છે કે, પૃથ્વીનો ઝુકાવ ઋતુઓને કેવી રીતે અસર કરે છે, વર્ષ દરમિયાન સૂર્યની ગતિ અને છાયામાં કેવી રીતે ફેરફાર થાય છે, સન ડાયલ દ્વારા સમય અને સૂર્યની સ્થિતિને કેવી રીતે માપી શકાય છે, વગેરે. આ બાબતો વિદ્યાર્થીઓ માટે આ સ્થળને એક ખુલ્લી હવામાં આવેલી વિજ્ઞાનની પ્રયોગશાળા બનાવી દે છે.

★વિજ્ઞાન પ્રવાસન, જ્ઞાનનું આકર્ષણ

આ પાર્કને એક અનોખા અને સેલ્ફ-એક્સપ્લેનેટરી પ્લેટફોર્મ તરીકે ડિઝાઈન કરવામાં આવ્યો છે, જેમાં બાહ્ય પ્રદર્શનો, ખગોળીય માળખાં (એસ્ટ્રોનોમિકલ સ્ટ્રક્ચર્સ) અને મુલાકાતીઓ માટેની સુવિધા છે.

### પાકિસ્તાનને ભારતીય આર્મી ચીફની સ્પષ્ટ ચેતવણી

## ભારતને નબળું સમજવાની ભૂલ કરવી મોટી મુર્ખામી છે

### જો પાકિસ્તાન આતંક પર અંકુશ નહીં લગાવે, તો નક્કી કરી લે કે તે ભૂગોળ બનીને રહેવા માગે છે કે ઈતિહાસ બનવું છે : આર્મી ચીફ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને પાકિસ્તાન વચ્ચે પહલગામ આતંકી હુમલા પછી સંબંધમાં તણાવ આવી ગયો છે.

ભારતે ઓપરેશન સિંદૂરથી સ્પષ્ટ ચેતવણી આપી દીધી કે ભારતને નબળું સમજવાની ભૂલ કરવી મોટી મુર્ખામી છે. આ વચ્ચે ભારતના આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ આકરા શબ્દોમાં કહ્યું કે, જો પાકિસ્તાન આતંક પર અંકુશ નહીં લગાવે, તો નક્કી કરી લે કે તે ભૂગોળ બનીને રહેવા માગે છે કે ઈતિહાસ બનવું છે. એક કાર્યક્રમ દરમિયાન ભારતીય આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીને પાકિસ્તાન વિશે સવાલ પૂછવામાં આવ્યો. જવાબ આપતાં જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ પાકિસ્તાનને સખત ચેતવણી આપતાં કહ્યું કે, જો પાકિસ્તાન આતંકવાદીઓને આશ્રય આપવાનું અને ભારત વિરુદ્ધ પ્રવૃત્તિઓ ચાલુ રાખશે, તો તેને નક્કી કરવું પડશે કે તે ભૂગોળનો ભાગ બની રહેવા માંગે છે કે ઈતિહાસનો. સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું, ‘‘કોઈપણ સૈન્ય અધિકારી માટે સૌથી મોટી ખુશી ત્યારે આવે છે જ્યારે તેના સૈનિકો તેને સ્વીકારે છે અને તેના પર તેમનો પૂર્ણ વિશ્વાસ હોય છે. જ્યારે કોઈ સૈનિક કોઈ સફળ ઓપરેશન પછી તમને ગળે લગાવે છે, ત્યારે કોઈ પદ અથવા હાઈરાર્કી (વર્ગીય ક્રમ) રહેતી નથી, તે તમને પોતાનો સાથી (comrade) માને છે. તે સૌથી ખાસ પળ હોય છે.’’

જણાવી દઈએ કે, દિલ્હીમાં આયોજીત સેના સંવાદ કાર્યક્રમ એક મહત્વપૂર્ણ સિવિલ મિલિટ્રી સંવાદ મંચ માનવામાં આવે છે. જ્યાં રાષ્ટ્રીય સુરક્ષા, વ્યૂહાત્મક પડકારો અને પ્રાદેશિક પરિસ્થિતિઓ પર ચર્ચા કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં સેનાના અધિકારીઓ, વ્યૂહાત્મક મામલાઓના નિષ્ણાતો અને વિવિધ ક્ષેત્રો સાથે જોડાયેલા લોકોએ ભાગ લીધો હતો. આર્મી ચીફે પોતાના સંબોધનમાં બદલાતી વૈશ્વિક પરિસ્થિતિઓ, સરહદી સુરક્ષા અને આધુનિક યુદ્ધના પડકારો પર પણ વિસ્તૃત ચર્ચા કરી. જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીના નિવેદનને માત્ર સૈન્ય ટિપ્પણી જ નહીં, પરંતુ એક મોટો કૂટનીતિક સંદેશ તરીકે પણ જોવામાં આવી રહ્યો છે.

### "પપ્પા બસમાં દૂધ અને છાશ મોકલી આપજો"

## પિતા સાથે છેલ્લી વાતચીત બાદ નીટ છાત્રનો આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા)સીકર

નીટ યુજીની પરીક્ષાનું પેપર લીક થયા બાદ લાખો વિદ્યાર્થીઓ નિરાશ થઈ ગયા છે. વર્ષોથી મહેનત કરી રહેલાં વિદ્યાર્થીઓ પર આભ તૂટી પડ્યું છે. આ વચ્ચે રાજસ્થાનના સીકરમાં ૨૨ વર્ષીય વિદ્યાર્થીએ આત્મહત્યા કરી લીધી છે. પ્રદીપ માહીચ નામનો વિદ્યાર્થી ડોક્ટર બનવાનું સપનું જોઈ નીટની તૈયારી કરી રહ્યો હતો, હવે આ દુનિયામાં રહ્યો નથી. ગુઢા ગોર્જી શહેરના બડિયા નાલા ગામના રહેવાસી પ્રદીપ, તેના પરિવારની આશાનો આધારસ્તંભ હતો. ત્રણ બહેનનો એકનો એક ભાઈ અને એક ગરીબ પરિવારનો પુત્ર. પિતા અનેક સંઘર્ષ છતાં પુત્રને ભણાવી રહ્યાં હતા, જેથી એક દિવસ ઘરનું ભાગ્ય બદલી શકે.

પરિવારજનો પ્રમાણે આ વખતે પ્રદીપને વિશ્વાસ હતો કે તેની પસંદગી થઈ જશે. ૩ મેએ યોજાયેલી નીટ પરીક્ષા બાદ તે ખુશ હતો. તેના માતા-પિતા અને મિત્રોને કહેતો હતો કે આશરે ૬૫૦ માર્ક્સ આવી શકે છે અને આ વખતે મેડિકલ કોલેજમાં પ્રવેશ લગભગ નક્કી છે. પરિવારજનો પણ વર્ષોની મહેનત રંગ લાવવાની આશાથી ખુશ હતા. પરીક્ષા બાદ જ્યારે તે થોડા દિવસ માટે ઘરે આવ્યો તો તેની આંખમાં અલગ ચમક હતી. તેણે પરિવારજનોને કહ્યું કે ૧૫ મે સુધી રૂમનું ભાડું જમા છે, ત્યારબાદ તે સામાન લઈને ઘરે આવી જશે. જેમ કે લાંબા સંઘર્ષ બાદ જીવન બદલાઈ જવાનું હતું પરંતુ પછી પરીક્ષા રદ થવાના સમાચાર આવી ગયા.

પરિવાર જણાવે છે કે ત્યારબાદ પ્રદીપ અચાનક બદલાઈ ગયો. જે છોકરો થોડા દિવસ પહેલા સુધી સપનાની વાતો કરતો હતો, તે મૌન રહેવા લાગ્યો. છેલ્લા ચાર દિવસથી તે તણાવમાં હતો. તેને વારંવાર ચિંતા થઈ રહી હતી કે હવે ફરી તે તૈયારી, તે દબાવ અને તે અનિશ્ચિતતા.

શુક્રવારે સવારે પણ તેણે પિતા રાજેશ સાથે ફોન પર વાત કરી હતી. પરિવાર દરરોજની જેમ તેના માટે દૂધ અને છાશ બસથી સીકર મોકલવાની તૈયારી કરી રહ્યો હતો. સવારે પ્રદીપે પહેલા ઘર પર ફોન કર્યો, પરંતુ પરિવારના લોકો કામમાં વ્યસ્ત હોવાને કારણે ફોન ઉપાડી શક્યા નહીં. બાદમાં તેણે પિતા સાથે વાત કરી દૂધ અને છાશ મોકલવાનું કહ્યું. કોઈને અંદાજ નહોતો કે આ તેની છેલ્લી વાતચીત હશે. થોડા સમય બાદ આત્મહત્યાના સમાચાર આવતા પરિવાર ભાંગી પડ્યો છે.

જે પુત્રને ડોક્ટર બનાવી પરિવાર પોતાના સંઘર્ષનો અંત જોવા ઈચ્છતો હતો, તેના મોતે અનેક સવાલ ઉભા કરી દીધા છે. શું માત્ર પરીક્ષા રદ થઈ છે કે લાખો વિદ્યાર્થીઓનું માનસિક સંતુલન અને ભરોસો પણ તૂટી ગયો? કોટા, સીકર અને દેશના ઘણા કોચિંગ હબમાં હજારો વિદ્યાર્થીઓ વર્ષોથી દબાવ, આશા અને સ્પર્ધા વચ્ચે જીવન જીવી રહ્યાં છે. પ્રદીપની કહાની માત્ર એક વિદ્યાર્થીની નહીં, પરંતુ તે લાખો યુવાનોની કહાની છે, જેના સપના એક પરીક્ષાના ભરોસે ટકેલા હોય છે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307

Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### ગાંધીનગર લોકસભા વિસ્તારમાં વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન વિશાળ સ્તરે વૃક્ષારોપણ અભિયાન હાથ ધરાશે

# ગાંધીનગર લોકસભાને હરિયાળી લોકસભા બનાવવાનું કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહનું વિઝન

## ભાવિ પેઢીને ગ્રીન કવરની સાથે સ્વચ્છ હવા, પાણી અને હરિયાળું પર્યાવરણ આપવાની નેમ સાથે આ વર્ષે ૧ કરોડથી વધુ રોપાઓના વાવેતરનો લક્ષ્યાંક નક્કી કરાયો

ગુજરાત પ્રવાસે પધારેલા ગાંધીનગર લોકસભાના સાંસદ તથા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા ગાંધીનગર લોકસભા વિસ્તારને 'હરિયાળી લોકસભા' બનાવવાના સંકલ્પ સાથે વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન વિશાળ સ્તરે વૃક્ષારોપણ અભિયાન હાથ ધરવા આહવાન કરાયું છે.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે અમદાવાદમાં યોજાયેલી બેઠકમાં આ અભિયાન અંતર્ગત વધુને વધુ વૃક્ષારોપણ દ્વારા આગામી પેઢી માટે સ્વચ્છ હવા, પાણી અને હરિયાળું પર્યાવરણ ઉપલબ્ધ કરાવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી તથા મુખ્ય સચિવ શ્રી મનોજકુમાર દાસ પણ આ બેઠકમાં સહભાગી થયા હતા. આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રીએ સંબંધિત વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ સાથે આયોજનની સમીક્ષા કરી હતી.





કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ વક્ષારોપણ પ્રત્યે જાગૃતિ વધારવા માટે રહેણાંક વિસ્તારમાં ૫૦થી વધુ વૃક્ષો વાવી શકાય તેવી સોસાયટીઓ આઈડેન્ટિફાય કરીને વૃક્ષારોપણ હાથ ધરવાનું સૂચન કર્યું હતું. આ ઉપરાંત તેમણે અમદાવાદના દરેક ખૂણે ગ્રીન કવર વધે તે માટે વધુને વધુ વૃક્ષો લોકભાગીદારીથી વાવવાનું આહવાન કર્યું હતું.તેમના સંસદીય ક્ષેત્રના GIDC વિસ્તારોમાં રોપાઓના સઘન વાવતેરથી ગ્રીન કવર વધારીને શ્રમિકો તથા ઉદ્યોગકારોને પર્યાવરણપ્રિય વાતાવરણ પૂરું પાડવાની કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ નેમ વ્યક્ત કરી હતી. એટલું જ નહિ, રસ્તાના મીડિયન સહિત નાનામાં નાની ખુલી જગ્યામાં વક્ષારોપણ કરવાનું તેમણે સૂચન કર્યું હતું. ગાંધીનગર લોકસભા વિસ્તારને 'હરિયાળી લોકસભા' બનાવવાના સંકલ્પને સાકાર કરવા માટે લોકસભા વિસ્તારમાં ગત વર્ષના વાવેતરની સરખામણીએ આ વર્ષે ૬૪ ટકા વધુ રોપાઓના વાવેતરનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. એટલે કે ગયા વર્ષે લગભગ ૬૨.૮૫ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું, તેની સામે આ વર્ષે ૧ કરોડ ૩ લાખ જેટલા રોપાઓના વાવેતરનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વૃક્ષારોપણ અભિયાનમાં જનભાગીદારી વધારવા માટે 'એક પેડ માં કે નામ ૨.૦' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનના ભાગરૂપે સરકાર, સંસ્થાઓ અને નાગરિકોના સંયુક્ત સહકારથી ગાંધીનગર લોકસભા ક્ષેત્રને દેશનું આદર્શ હરિયાળું લોકસભા ક્ષેત્ર બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો છે. આ માટે નાગરિકોને સહભાગી બનાવવા મફત રોપા વિતરણ કરવામાં આવશે. ટેનામેન્ટ, રો-હાઉસ અને બંગલા ધરાવતા પરિવારોને એક છોડ આપવામાં આવશે.

આ બૃહદ અભિયાનને સફળ બનાવવા માટે વિવિધ સરકારી કચેરીઓ અને વિભાગો જોડાવવાના છે, જેમાં નાયબ વન સંરક્ષક-અમદાવાદ દ્વારા સૌથી વધુ ૩૮.૭૯ લાખથી વધુ અને નાયબ વન સંરક્ષક-ગાંધીનગર દ્વારા ૧૨.૪૭ લાખથી વધુ રોપાઓનું વૃક્ષારોપણ કરવામાં આવશે. આ ઉપરાંત, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા ૨૫ લાખ અને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (GMC) દ્વારા ૫.૪૨ લાખથી વધુ વૃક્ષો વાવવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન થયેલ વૃક્ષારોપણના ઉત્તમ પરિણામોને ધ્યાનમાં રાખીને આ વર્ષે વધુ વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે.

વન વિભાગ દ્વારા ગાંધીનગર જિલ્લાના ૧૮ અને અમદાવાદ જિલ્લાના ૭ એન્ટ્રી પોઈન્ટ્સ પર અનોખી ઓળખ ધરાવતા કુલ ૬૦૦૦ રોપાઓનું વાવેતર કરીને આ વિસ્તારોને સુશોભિત કરવામાં આવશે, જેના માટે 'વન કવચ' બનાવવા તેમજ જરૂરી જમીન ઉપલબ્ધ કરાવવાનું આયોજન પંચાયત અને મહેસૂલ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે.

આ અભિયાન અંતર્ગત વિવિધ સ્થળોએ વૃક્ષારોપણ માટે મિયાવાકી મોડલ, ડેન્સ પ્લાન્ટેશન, લિનિયર પ્લાન્ટેશન, બાઉન્ડરી પ્લાન્ટેશન તથા સ્કેટર્ડ પ્લાન્ટેશન જેવી વિવિધ પદ્ધતિઓ અપનાવવામાં આવશે. ખાસ કરીને શહેરના ડમ્પ સાઈટ્સ, ખાલી પડેલ સરકારી પ્લોટ્સ અને રોડ સાઈડ વિસ્તારોને હરિયાળા બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. સોશિયલ મીડિયા, સેલ્ફી પોઈન્ટ, ડિજિટલ પ્રચાર અને જનજાગૃતિ કાર્યક્રમો દ્વારા નાગરિકોને આ અભિયાનમાં જોડવામાં આવશે. આ ઉપરાંત, રેલ્વે તંત્ર સાથે MoU કરીને રેલ્વે વિસ્તારમાં વૃક્ષારોપણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર લોકસભા વિસ્તારમાં વૃક્ષારોપણ માટે વિવિધ સંસ્થાઓ દ્વારા CSR અંતર્ગત પણ નોંધપાત્ર સહયોગ પ્રાપ્ત થયો છે. વિવિધ સંસ્થાઓ દ્વારા લાખો વૃક્ષારોપણનો લક્ષ્યાંક સ્વીકારવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય મંત્રી અને ગાંધીનગર સંસદીય વિસ્તારના સાંસદ શ્રી અમિતભાઈ શાહ દ્વારા ૨૦૧૯ થી ૨૦૨૫ દરમિયાન થયેલા વૃક્ષારોપણના કારણે ૧૧.૨૫ ટકા એટલે કે ૨૭૨૯ હેક્ટરનું ગ્રીન કવર વધ્યું છે. આ સઘન વૃક્ષારોપણ ઝુંબેશના પગલે ગાંધીનગર લોકસભામાં વ્યાપક હરિયાળી સાથે ગ્રીન કવર વધશે અને પર્યાવરણની કાળજી પણ સુનિશ્ચિત થશે. આ ઉપરાંત, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી દ્વારા સરખેજ - ગાંધીનગર હાઈવેના આધુનિકરણ, તળાવોની જાળવણી ઉપરાંત નવીનીકરણ અને ઇંટરલીકીંગની કામગીરીમાં થયેલ પ્રગતિ તથા માણસા તેમજ ગાંધીનગર લોકસભાની નગરપાલિકાઓના વિકાસ કામોની સમીક્ષા અંગે પણ બેઠકો યોજવામાં આવી હતી.

વિવિધ વિષયોની સમીક્ષા બેઠકમાં સંબંધિત વિભાગોના મંત્રીશ્રી, પદાધિકારીઓ, અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ

### સંકલનના પ્રશ્નોનું સત્વરે હકારત્મક નિવારણ લાવવા અધિકારીઓને અનુરોધ કરતાં કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ

અમદાવાદ કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ભવ્ય વર્માના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પુછાયેલા પ્રશ્નોને પ્રાધાન્ય આપી, તેનું સત્વરે હકારાત્મક નિરાકરણ લાવવા સંબંધિત અધિકારીઓને અનુરોધ કરાયો હતો. જિલ્લા કલેક્ટરે સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું કે સંકલનમાં પુછાયેલા પ્રશ્નોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી, ત્વરિત નિયમાનુસાર કાર્યવાહી થાય તે જરૂરી છે.



વધુમાં, આચારસંહિતાના અમલના કારણે પડતર રહેલાં માર્ગ અને મકાન વિભાગનાં વિવિધ કામો સત્વરે હાથ પણ સૂચના આપી હતી. આ બેઠકમાં ગ્રામ્ય વિસ્તારમાં પીવાના તેમજ સિંચાઈના પાણીના પ્રશ્નો, નદીમાંથી કાંપ કાઢી તેને ઊંડી કરવી, વરસાદી પાણીનો નિકાલ, કિસાન સન્માન નિધિ, ગૌચરની જમીન, તળાવના પાણીના પ્રશ્નો, ડેટા એન્ટ્રી, ગટરના પ્રશ્નો, હાઈવે આસપાસનાં દબાણો દૂર કરવા, રેલવે સ્ટોપેજ સહિત ગ્રામ્ય વિસ્તારના પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓના પ્રશ્નોની ચર્ચા કરી હકારત્મક નિવારણ કરાયું હતું. જ્યારે અન્ય પ્રશ્નોમાં રાજ્યસભા સાંસદની ગ્રાન્ટનાં બાકી કામો, શહેરી વિસ્તારના વિવિધ પ્રશ્નોમાં રેલવેને લગતા વિવિધ પ્રશ્નો, વીજળી, ટ્રાફિક, દબાણ, કાયદો અને વ્યવસ્થા, નવી પોસ્ટ ઑફિસ સહિતના પ્રશ્નોની ચર્ચા કરી ઉકેલ લાવવા સંબંધિત અધિકારીઓને સૂચના અપાઈ હતી. આ બેઠકમાં રાજ્યસભા સાંસદ શ્રી નરહરિ અમીન, ધારાસભ્યો સવશ્રી કિરીટસિંહ ડાભી, કાળુભાઈ ડાભી, બાબુભાઈ પટેલ, કનુભાઈ પટેલ, અમિત ઠાકર, શ્રીમતી પાયલ કુકરાણી તથા કંચનબેન રાદડિયા, કૌશિક જૈન, જીતુભાઈ પટેલ, અમૂલ ભટ્ટ, હર્ષદ પટેલ, અમિત શાહ, દિનેશસિંહ કુશવાહ, જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરે, જિલ્લા પોલીસ અધિક્ષક ઓમ પ્રકાશ જાટ, અમદાવાદ શહેરના પોલીસ અધિકારીઓ, નિવાસી અધિક કલેક્ટર ભાવિન સાગર સહિત સંકલનના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પશ્ચિમ રેલવેના અપર મહાપ્રબંધક શ્રી પ્રદીપ કુમારે ભાવનગર મંડળનું સંરક્ષા નિરીક્ષણ કર્યું

પશ્ચિમ રેલવેના અપર મહાપ્રબંધક શ્રી પ્રદીપ કુમારે તા. ૧૪ અને ૧૫ મે, ૨૦૨૬ દરમિયાન ભાવનગર મંડળના બોટાદ–ભાવનગર ખંડનું વિગતવાર સંરક્ષા નિરીક્ષણ કર્યું. આ નિરીક્ષણનો મુખ્ય હેતુ રેલ સંરક્ષા, સંચાલન કાર્યક્ષમતા તથા યાત્રી સુવિધાઓની સમીક્ષા કરવાનો હતો. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે તા. ૧૪ મે, ૨૦૨૬ના રોજ અપર મહાપ્રબંધક શ્રી પ્રદીપ કુમારે બોટાદથી ભાવનગર પરા સુધી વિન્ડો ટ્રેલિંગ નિરીક્ષણ કર્યું અને માર્ગમાં રેલ પાટા, સિગ્નલ તથા અન્ય સંરક્ષા સંબંધિત વ્યવસ્થાઓનું અવલોકન કર્યું. આ જ દિવસે તેમના હસ્તે ભાવનગર પરામાં નવનિર્મિત ટાઈપ-૫ રેલવે આવાસોની (૫ એકમો) લોકાર્પણ વિધિ યોજાઈ. આ પ્રસંગે





પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે રેલવેની પ્રતિબદ્ધતાને ઉજાગર કરતાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું. નિરીક્ષણ દરમિયાન તેમની સાથે મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી ઋત્વિક શર્મા તથા મંડળના તમામ શાખા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા. ત્યારબાદ અપર મહાપ્રબંધકે ભાવનગર ટર્મિનસ રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું. તેમણે મંડળ રેલ પ્રબંધક કચેરીમાં શાખા અધિકારીઓ સાથે બેઠક યોજી અને વિવિધ વિકાસ કાર્યો, સંરક્ષા ઉપાયો તથા સંચાલન વ્યવસ્થાઓની સમીક્ષા કરી. સાથે સાથે નવનિર્મિત મંડળ કચેરીના ભવનનું પણ અવલોકન કર્યું. તા. ૧૫ મે, ૨૦૨૬ના રોજ શ્રી પ્રદીપ કુમારે બોટાદ રેલવે સ્ટેશનનું સંરક્ષા નિરીક્ષણ કર્યું. આ દરમિયાન સ્ટેશન પર ઉપલબ્ધ સંરક્ષા તથા યાત્રી સુવિધાઓની સમીક્ષા કરવામાં આવી. આ જ દિવસે તેમના હસ્તે બોટાદ ખાતે નવનિર્મિત રેલવે સુરક્ષા બલ (RPF) કચેરીનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું. નિરીક્ષણ સમયે મંડળના સંબંધિત શાખા અધિકારીઓ પણ હાજર રહ્યા. આ બે દિવસીય નિરીક્ષણ દરમિયાન અપર મહાપ્રબંધકે સંરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું અને ભાવનગર મંડળમાં આધુનિક સુવિધાઓના વિકાસ, પર્યાવરણ સંરક્ષણ અને યાત્રી સુવિધાઓને વધુ મજબૂત બનાવવા માટે કરવામાં આવી રહેલા પ્રયાસોની પ્રશંસા કરી.

## ૨૯ મે થી ૨૬ જૂન સુધી દર શુક્રવારે ભાવનગર ટર્મિનસ-શકૂર બસ્તી વચ્ચે સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ચાલશે

યાત્રિયોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર મંડળમાંથી એક મહત્વપૂર્ણ વધારાની રેલ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. ભાવનગર ટર્મિનસ અને શકૂર બસ્તી વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક, ભાવનગર મંડળ શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, આ વિશેષ ટ્રેનનું સંચાલન નીચે મુજબ રહેશે—

ટ્રેન નંબર ૦૯૨૫૭ ભાવનગર ટર્મિનસ–શકૂર બસ્તી સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ૨૯ મે, ૨૦૨૬ થી ૨૬ જૂન, ૨૦૨૬ સુધી દર શુક્રવારે ભાવનગર ટર્મિનસથી બપોરે ૧૪:૨૦ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે શનિવારે સવારે ૧૦:૫૫ કલાકે શકૂર બસ્તી પહોંચશે.

ટ્રેન નંબર ૦૯૨૫૮ શકૂર બસ્તી–ભાવનગર ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ૩૦ મે, ૨૦૨૬ થી ૨૭ જૂન, ૨૦૨૬ સુધી દર શનિવારે શકૂર બસ્તીથી બપોરે ૧૩:૧૫ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે રવિવારે સવારે ૦૮:૫૦ કલાકે ભાવનગર ટર્મિનસ પહોંચશે.

બંને દિશામાં આ ટ્રેન નીચેના સ્ટેશનો પર રોકાશે— ભાવનગર પરા, સિહોર (ગુજરાત), ધોળા, બોટાદ, ધંધુકા, ધોળકા, સરખેજ, ગાંધીગ્રામ, ચાંદખેડા રોડ, મહેસાણા જંક્શન, પાલનપુર જંક્શન, આબુ રોડ, ફાલના, મારવાડ જંક્શન, અજમેર જંક્શન, કિશનગઢ, ફુલેરા, રીંગસ, નીમ કા થાના, નારનૌલ, રેવાડી જંક્શન, ગુડગાંવ અને દિલ્હી કેન્ટ.

આ વિશેષ ટ્રેનમાં દ્વિતીય શ્રેણી, શયનયાન, થર્ડ એસી, થર્ડ એસી ઈકોનોમી તથા સેકન્ડ એસી શ્રેણીના કોચ ઉપલબ્ધ રહેશે. ટ્રેન નંબર ૦૯૨૫૭ માટે ટિકિટોની બુકિંગ ૧૭ મે, ૨૦૨૬ (રવિવાર) થી તમામ યાત્રી આરક્ષણ કેન્દ્રો તેમજ IRCTCની સત્તાવાર વેબસાઈટ પર શરૂ થશે. યાત્રિયોને વિનંતી છે કે ટ્રેનના સમય, રોકાણ અને કોચ રચના અંગેની વિગતવાર માહિતી માટે વેબસાઈટ www. enquiry. indianrail. gov.in ની મુલાકાત લે.

## વિશ્વ ટેલિકોમ દિવસઃ ડિજિટલ ક્રાંતિથી ખેડૂતોના આંગણે પહોંચી સરકાર

આજે જ્યારે આપણે 'વિશ્વ ટેલિકોમ દિવસ' ઉજવી રહ્યા છીએ, ત્યારે ટેલિકોમ્યુનિકેશન માત્ર વાતચીતનું સાધન મટીને વિકાસનું એન્જિન બની ગયું છે. ગુજરાત અને ભારત સરકારની વિવિધ યોજનાઓ આજે ટેકનોલોજીના માધ્યમથી છેવાડાના માનવી સુધી પહોંચી રહી છે. આ ક્રાંતિમાં i-Khedut જેવા પોર્ટલ્સે ખેડૂતો અને સરકાર વચ્ચેના અંતરને સાવ નાબૂદ કરી દીધું છે. અગાઉના સમયમાં ખેડૂતોને સરકારી સહાય કે સબસિડી મેળવવા માટે કચેરીઓના ધક્કા ખાવા પડતા હતા, પરંતુ i-Khedut પોર્ટલે આખી પ્રક્રિયાને પારદર્શક અને સરળ બનાવી દીધી છે. ખેડૂત પોતાના મોબાઈલ કે ગ્રામ પંચાયતમાંથી જ ટ્રેક્ટર, ટપક સિંચાઈ કે બિયારણની સહાય માટે ઓનલાઈન ફોર્મ ભરી શકે છે. તથા અરજીની સ્થિતિ શું છે તે જાણવા માટે હવે કોઈ અધિકારીની મહેરબાની પર નિર્ભર રહેવું પડતું નથી. બજાર ભાવ(APMC rates) થી લઈને હવામાનની આગાહી સુધીની તમામ વિગતો એક ક્લિક પર ઉપલબ્ધ છે. ટેકનોલોજીનો સૌથી મોટો ફાયદો Direct Benefit Transfer (DBT) એટલે કે સીધા લાભાર્થીના ખાતામાં સહાય જમા થવાની પદ્ધતિ છે. આ વ્યવસ્થાએ ભ્રષ્ટાચારના દ્વાર બંધ કરી દીધા છે અને નાગરિકોનો સરકાર પર ભરોસો વધાર્યો છે. ગ્રામીણ રોજગાર યોજનાના વેતનથી લઈને પી.એમ. કિસાન સમ્માન નિધિના હપ્તા સીધા બેંક ખાતામાં જમા થાય છે. હવે "ચેક ખોવાઈ જવાની" કે "રોકડ ઓછી મળવાની" કોઈ ફરિયાદ રહેતી નથી. આધાર કાર્ડ અને બેંક ખાતાના જોડાણને કારણે ડુપ્લીકેટ લાભાર્થીઓ દૂર થયા છે, જેથી સાચા અને જરૂરિયાતમંદ નાગરિકોને પૂરેપૂરો લાભ મળી રહ્યો છે. ટેલિકોમ નેટવર્ક મજબૂત થવાને કારણે ગામડાનો સામાન્ય નાગરિક પણ હવે ગૂગલ પે કે નેટ બેંકિંગનો ઉપયોગ કરતો થયો છે, જે આર્થિક આઝાદીની દિશામાં મોટું કદમ છે. વિશ્વ ટેલિકોમ દિવસ આપણને યાદ અપાવે છે કે જો ટેકનોલોજીનો સાચો ઉપયોગ કરવામાં આવે, તો તે ગરીબી નિર્મૂલન અને ગ્રામીણ વિકાસનું સૌથી સચોટ શસ્ત્ર બની શકે છે. i-Khedut અને DBT જેવી વ્યવસ્થાઓ આજે ગુજરાતના વિકાસ મોડલની કરોડરજ્જુ સાબિત થઈ રહી છે. ખેડૂતો માટે આ પોર્ટલ માત્ર ફોર્મ ભરવા પૂરતું મર્યાદિત નથી, પણ તે એક સંપૂર્ણ 'એગ્રી-સોલ્યુશન' છે. ટ્રેક્ટર, પાવર ટિલર, કાપણીના સાધનો, સોલાર પેનલ અને ગોડાઉન બનાવવા માટેની સબસિડીની માહિતી અને ઓનલાઈન અરજી તથા દૂધાળા પશુઓની ખરીદી, તબેલા બનાવવા, અને પશુઓના ઘાસચારા માટેના સાધનો પર મળતી સહાય અને ફળ-ફૂલની ખેતી, ગ્રીન હાઉસ, નેટ હાઉસ અને ડ્રિપ ઈરિગેશન (ટપક સિંચાઈ) માટેની અરજીઓ સાથે માછીમારો માટે બોટ, જાળ અને અન્ય સાધનોની સહાય પણ મળે છે. ટેલિકોમ ક્રાંતિનો લાભ માત્ર ખેડૂતોને જ નહીં, પણ સામાન્ય નાગરિકોને પણ મળી રહ્યો છે. જેમાં વિવિધ પોર્ટલ દ્વારા વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ મેળવી શકે છે, તેમજ રેશન કાર્ડ, જાતિના દાખલા અને આવકના દાખલા માટે ઓનલાઈન અરજી કરી શકાય છે. જમીનના ૭/૧૨ અને 8-A ના ઉતારા ઘરે બેઠા ઓનલાઈન જોઈ શકાય છે અને ડાઉનલોડ કરી શકાય છે. તેમજ UMANG App: આ એક 'ઓલ-ઈન-વન' એપ છે જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની સેંકડો સેવાઓ (જેવી કે PF, ગેસ સિલિન્ડર બુકિંગ, પાન કાર્ડ) એકસાથે મળે છે. તથા Vahan & Sarathi એપ દ્વારા ડ્રાઈવિંગ લાયસન્સ અને વાહન રજીસ્ટ્રેશન સંબંધિત તમામ કામગીરી હવે ડિજિટલ થઈ ગઈ છે. ટેકનોલોજીના પ્રભાવથી નાગરિકોને સરકારી સહાય સીધી તેમના બેંક ખાતામાં મળતી થતાં મહત્ત્વપૂર્ણ સુવિધા મળી છે. હવે કચેરીઓમાં લાંબી લાઈનોમાં ઊભા રહેવાની કે વારંવાર ધક્કા ખાવાની જરૂરિયાત રહી નથી. વધુમાં, અરજી મંજૂર થાય કે ખાતામાં રકમ જમા થાય ત્યારે તરત જ રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર મેસેજ મળતા પારદર્શિતામાં વધારો થયો છે. આ સાથે, ભારતમાં 5G સેવાઓના વિસ્તરણને કારણે ભવિષ્યમાં ખેતી ક્ષેત્રે પણ ક્રાંતિજનક બદલાવ જોવા મળશે. ખેડૂતોએ ડ્રોન દ્વારા જંતુનાશક છંટકાવ, સેન્સર દ્વારા જમીનની ફળદ્રુપતા માપણી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા પાકના રોગોનું નિદાન જેવી આધુનિક સુવિધાઓનો લાભ લઈ શકશે. મજબૂત ટેલિકોમ નેટવર્ક અને સરકારની 'ડિજિટલ ઈન્ડિયા' પહેલ આ પરિવર્તનના મુખ્ય આધારસ્તંભ બની રહ્યા છે.

## ડિપ્લોમા એડમિશન પ્રક્રિયાને સરળ બનાવવા માટે આર.સી. ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ ખાતે બે દિવસ માર્ગદર્શન સેમિનાર યોજાશે

ધોરણ ૧૦ પછી પ્રોફેશનલ ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ માટે એક મહત્વપૂર્ણ માર્ગદર્શન માટે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સિસ , અમદાવાદની નોડલ સંસ્થા આર.સી. ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ , અમદાવાદ દ્વારા ડિપ્લોમા એડમિશન માર્ગદર્શન સેમિનારનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

સેમિનારનો મુખ્ય ઉદ્દેશ્ય - ધોરણ ૧૦ પછી પ્રથમ વર્ષ ડિપ્લોમા તેમજ સી-ટુ-ડી (C2D) અંતર્ગત બીજા વર્ષના ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમોમાં ઓનલાઈન પ્રવેશ મેળવવાની સમગ્ર પ્રક્રિયા જટિલ હોય છે. આ પ્રવેશ પ્રક્રિયા અને તેની ઓનલાઈન પદ્ધતિને સમજવામાં વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને પડતી મુશ્કેલીઓ નિવારી શકાય અને તેમને વિગતવાર સચોટ સમજણ મળી રહે તે હેતુથી આ સેમિનાર યોજવામાં આવી રહ્યો છે. અમદાવાદના તજજ્ઞ અધિકારીઓ દ્વારા આ સેમિનારમાં રૂબરૂ માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આ સેમિનાર તારીખઃ ૨૨/૦૫/૨૦૨૬ તથા ૧૨/૦૬/૨૦૨૬ સમયઃ સવારે ૧૧:૦૦ કલાકે એનેક્સી બિલ્ડિંગ, આર.સી. ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ (RCI), અમદાવાદ ખાતે યોજાનાર છે. આ સેમિનારમાં ડિપ્લોમા એડમિશનને લગતા તમામ પ્રશ્નો અને મૂંઝવણોનું નિરાકરણ લાવવામાં આવશે. આથી, પ્રવેશ મેળવવા ઈચ્છુક તમામ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને આ માર્ગદર્શન સેમિનારનો વધુમાં વધુ લાભ લેવા માટે સંસ્થા તરફથી ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

## ૧૫ જૂન ના રોજ પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર પેન્શન અદાલતનું આયોજન

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર નિવૃત્ત કર્મચારીઓના પેન્શન સંબંધિત પ્રશ્નોના ઝડપી નિકાલ માટે ૧૫ જૂન, ૨૦૨૬ (સોમવાર) ના રોજ પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવશે. સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસર શ્રી સિદ્ધાર્થના જણાવ્યા મુજબ અમદાવાદ ડિવિઝનમાંથી જે પણ કર્મચારી સેવાનિવૃત્ત થયા છે તે પેન્શનરો/ફેમિલી પેન્શનરોની પેન્શન સંબંધિત ફરિયાદોના નિરાકરણ માટે ડિવિઝનલ રેલવે મેનેજર ઑફિસ, અમદાવાદ ખાતે ૧૫.૦૬.૨૦૨૬ ના રોજ પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદ ડિવિઝનમાંથી રેલ્વે સેવામાંથી નિવૃત્ત થયેલા તમામ કર્મચારીઓ, પેન્શનરો/ફેમિલી પેન્શનરો અને પેન્શન સંબંધિત ફરિયાદો હોય, તેઓ તેમની અરજી (ત્રણ પ્રતિકૃતિમાં) ડિવિઝનલ રેલવે મેનેજર (સ્થાપના) ઑફિસ, અમદાવાદ ડિવિઝન પશ્ચિમ રેલવે, જીસીએસ હૉસ્પિટલ ની સામે અમદુપુરા અમદાવાદ માં તારીખ ૦૧.૦૬.૨૦૨૬ સુધી સબમિટ કરી શકે છે. કૃપા કરીને અરજીમાં તમારું નામ, હોદ્દો, છેલ્લો પગાર, ભરતીની તારીખ, નિવૃત્તિની તારીખ, PPO નકલ અને ફરિયાદનો પ્રકાર દાખલ કરો.

### દેશમાં સાયબર છેતરપિંડી કેમ વધી રહી છે?

# આજના ટેક્નોલોજિકલ યુગમાં પણ સુરક્ષા એજન્સીઓ કેમ સાયબર છેતરપિંડી કરનારાઓ સુધી પહોંચી શકતી નથી?

**અભણ કે અર્ધશિક્ષિત તો ઠીક પરંતુ સુશિક્ષિત લોકો પણ આ સાયબર અપરાધો સામે જાગૃત નથી: અથવા તો એમની પાસે આ અંગેનું જ્ઞાન નથી: અને એને કારણે સાયબર ક્રાઈમ વાયરસની માફક ફેલાઈ રહ્યો છે**

(છગનલાલ મેવાડા દ્વારા) સુરત

આજના યુગમાં આપણે ત્યાં જે પ્રમાણે ડિજિટલાઈઝેશન જોઈએ એવું "ફુલ પ્રુફ" નથી અને જે સલામત હોવાના દાવા કરાય છે એ પણ સલામત નથી. પરિણામે માત્ર આર્થિક લેવડ-દેવડ જ નહીં પણ જાતજાતના સાયબર અપરાધો દેશમાં બની રહ્યા છે. અને દિવસે દિવસે એમાં વધારો થઈ રહ્યો છે. સાથે સાથે એને રોકવા માટે સરકારે બનાવેલું સાયબર તંત્ર સાવ વામણું સાબિત થઈ રહ્યું છે. અને એનું મુખ્ય કારણ વધતાં ગુનાઓને પહોંચી વળવા માટે સાયબર તંત્રનું મહેકમ પણ ખૂબ મર્યાદિત સાબિત થઈ રહ્યું છે. ત્યારે ભણેલા લોકો પણ આવા અપરાધો સામે જાગૃતતા નથી બતાવતા અને પછી સાયબર ક્રાઈમનો શિકાર બની પોલીસ પાસે જાય છે. કારણ પ્રજાને જ્ઞાન નથી અથવા સજાગ નથી. એને કારણે સાયબર અપરાધોની સંખ્યા વધતી જાય છે એને અટકાવવા તંત્રનો પનો ટૂંકો પડે છે.

પરંતુ એટલું જ નહીં ઘણા કિસ્સાઓમાં તો સાયબર અપરાધોને રોકનાર સરકારી તંત્ર કરતાં સાયબર અપરાધીઓ ઘણા આગળ અને ચતુર સાબિત થઈ રહ્યા છે. ડિજિટલ એરેસ્ટથી માંડીને જાતજાતના પેંતરાઓ દ્વારા ગ્રાહકોના ખાતામાંથી લાખો-કરોડો રૂપિયા આંખના પલકારામાં ગાયબ થઈ જાય છે અને પછી એનો કોઈ અતોપતો મળતો નથી. એક બાજુ કહેવા ખાતર કડકાઈ અને જાગૃતિના દાવા છતાં, સાયબર છેતરપિંડી અટકતી નથી બલ્કે વધી રહી છે? દર વર્ષે લાખો નાની-મોટી સાયબર ફરિયાદો દેશભરમાં નોંધાય છે. માનવીએ જીવનભર મહેનતથી કમાયેલા પૈસા ક્ષણવાર માં ગુમાવવા પડે છે. આજના સમયમાં સાયબર ગુનેગારો દર વર્ષે કરોડો રૂપિયાની છેતરપિંડી કરી રહ્યા છે અને તપાસ એજન્સીઓ તેમના સુધી પહોંચી શકતી નથી. પરિણામે ગુનેગારો નાગરિકોને કોઈને કોઈ સ્વરૂપમાં લલચાવીને અથવા ધમકી આપીને પોતાનો ભોગ બનાવતા રહે છે. આના પરિણામે ગયા વર્ષે અ.ધ.ધ.ધ ૨૨ હજાર ૮૪૫ કરોડ રૂપિયાથી વધુની સાયબર છેતરપિંડી થઈ હતી. જ્યારે વર્ષ ૨૦૨૩ માં આંકડો ૭૪૬૫ કરોડ રૂપિયાનો જ હતો. ગૃહ રાજ્યમંત્રીએ લોકસભામાં આપેલી આ માહિતી એ ચિંતા વધારી છે. આ આંકડા જોતા એમ લાગે છે કે પોલીસ તંત્ર સાયબર ગુનેગારો પર લગામ લગાવવામાં નિષ્ફળ ગયું છે. આખરે સામાન્ય નાગરિકોને વ્યાપક સ્તરે જાગૃત થવાની જરૂર છે અને એમને જાગૃત કરવાની પણ એટલી જ જરૂર છે.

# પેટ્રોલ, ડીઝલના ભાવમાં આજથી રૂપિયા ૩ના વધારા સાથે CNGમાં રૂપિયા ૨ નો વધારો થતાં પ્રજાના મગજમાં થયો ધખારો (ગરમી)

(છગનલાલ મેવાડા દ્વારા) સુરત

અમેરિકા-ઈરાન યુધ્ધને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલની કિંમતમાં થયેલા વધારાની અસર આખરે ભારત પર વર્તાવા માંડી છે. અને શુક્રવારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર રૂપિયા ૩ નો વધારો કરવામાં આવ્યો હતો. સમાચાર એજન્સી PTI અનુસાર મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે આ વધારો થયો છે. વિરોધ પક્ષોએ પહેલેથી આશંકા વ્યકત કરી હતી કે પાંચ રાજ્યોમાં ચૂંટણીઓ પૂર્ણ થતા જ મોટી સરકાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરશે. જોકે તે સમયે સરકારે આ દાવાઓને નકારી કાઢ્યા હતા.

ચૂંટણી પરિણામો ૦૪ મે ના રોજ જાહેર થયા હતા. આજે ૧૫ મે ના રોજ સરકારે આખરે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કર્યો છે. આ પગલાથી ફુગાવો વધવાની ધારણા છે. દિલ્હીમાં નવા દરો અનુસાર પેટ્રોલનો ભાવ રૂપિયા ૯૪.૭૭ થી વધીને રૂપિયા ૯૭.૭૭ પ્રતિ લિટર થયો છે. જ્યારે ડીઝલનો ભાવ રૂપિયા ૮૭.૬૭ થી વધીને ૯૦.૬૭ રૂપિયા પ્રતિ લીટર થયો છે. આ વધારા સાથે દિલ્હીમાં પેટ્રોલના ભાવ રૂપિયા ૧૦૦ ની નજીક પહોંચી ગયા છે.

**• CNG ના ભાવમાં રૂપિયા ૨ નો વધારો**

દિલ્હીમાં સીએનજીના ભાવમાં પ્રતિ કિલોગ્રામ રૂા.૨ નો વધારો કરવામાં આવ્યો છે. CNG ના ભાવ હવે રૂપિયા ૭૭.૦૯ પ્રતિ કિલોગ્રામ થી વધીને રૂપિયા ૭૯.૦૯ પ્રતિ કિલોગ્રામ થયા છે.

એક દિવસ પહેલા જ મુંબઈમાં CNG ના ભાવમાં પણ રૂપિયા ૨ નો વધારો કરવામાં આવ્યો હતો. પરિણામે મુંબઈ મેટ્રો પોલીટન રીજન (MMR) માં CNG ના ભાવમ હવે રૂપિયા ૮૪ પ્રતિ કિલોગ્રામ થશે. સરકાર જણાવે છે કે, અત્યાર સુધી ભારતે વૈશ્વિક સ્તરે ક્રુડ ઓઈલના ભાવમાં વધારા અને મધ્ય પૂર્વમાં બગડતી પરિસ્થિતિ છતાં રિટેલ ઈંધણના ભાવમાં મોટો વધારો કરવાનું ટાળ્યું હતું. જો કે વધતા દબાણના પ્રતિભાવમાં આ પગલું હવે લેવામાં આવ્યું છે.

# ગુજરાત કેન્સર ઈન્સ્ટિટ્યૂટમાં બ્રેઈન ટ્યુમરના ૫ વર્ષમાં ૧૩૨૭ કેસ નોંધાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

બદલાતી જીવનશૈલી અને પર્યાવરણીય પરિબળો વચ્ચે ગંભીર બીમારીઓનું પ્રમાણ વધી રહ્યું છે, જેમાં 'બ્રેઈન ટ્યુમર' અત્યંત સંવેદનશીલ અને ચિંતાજનક રોગ તરીકે ઉભરી આવ્યો છે. મગજમાં થતી અસામાન્ય કોષોની અનિયંત્રિત વૃદ્ધિ કે ગાંઠને બ્રેઈન ટ્યુમર કહેવામાં આવે છે. જો કે, તબીબી વિજ્ઞાનના અદ્યતન સંશોધનો અને અત્યાધુનિક સારવાર પદ્ધતિઓના કારણે હવે બ્રેઈન ટ્યુમર અસાધ્ય રહ્યો નથી. સમયસરની જાગૃતિ અને યોગ્ય સારવાર દ્વારા આ રોગ સામે વિજય મેળવી શકાય છે. ધી ગુજરાતકેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં બ્રેઈન ટ્યુમરના પાંચ વર્ષમાં 1327 કેસો નોંધાયા છે. જ્યારે વિશ્વમાં દર વર્ષે 3 લાખથી વધુ અને ભારતમાં 32 હજારથી વધુ નવા કેસ નોંધાઈ રહ્યાં છે. બ્રેઈન ટ્યુમર સામે GCRIએ 'વર્લ્ડ ક્લાસ' જંગ છેડ્યો છે. વહેલું નિદાન એ જ જીવન બચાવવાની ચાવી હોવાનું જણાય છે.

બ્રેઈન ટ્યુમર મુખ્યત્વે બે પ્રકારના હોય છે જેમાં સૌમ્ય અને જીવલેણ . તે તમામ ઉંમરની વ્યક્તિઓને અસર કરી શકે છે. આ કેન્સરના મુખ્ય કારણો જીનેટિક મ્યુટેશન અને વારસાગત કૌટુંબિક ઈતિહાસ, હાઈ-ડોઝ રેડિયેશનનું એક્સપોઝર અને નબળી રોગપ્રતિકારક શક્તિ, ઔદ્યોગિક રસાયણો અને અમુક વિશિષ્ટ વાયરલ ઈન્ફેક્શન છે. અમદાવાદ સ્થિત 'ધી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ' (GCRI) ખાતે બ્રેઈન ટ્યુમર અને જટિલ ન્યુરોવાસ્ક્યુલર રોગોની સારવાર માટે વિશ્વસ્તરીય અને અત્યાધુનિક સુવિધાઓ એક જ છત નીચે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. GCRIના જણાવ્યા અનુસાર, "અમારો ધ્યેય કેન્સરના દર્દીઓને એક જ છત નીચે વૈશ્વિક સ્તરનું ચોક્કસ નિદાન અને સંપૂર્ણ સારવાર પૂરી પાડવાનો છે, જેથી દર્દીઓએ અન્ય કોઈ જગ્યાએ બીજે ક્યાં એ જવું ન પડે." GCRI ઈન્ટ્રાઓપરેટિવ ઈમેજિંગ ટેક્નોલોજી દ્વારા વધુ સુરક્ષિત અને ચોકસાઈભરી સારવાર આપે છે, જેમાં સામેલ છે ટ્રેક્ટોગ્રાફી, એકઝોસ્કોપ, નેવિગેશન સિસ્ટમ, પોર્ટેબલ સીટી સ્કેન, CUSA, અદ્યતન ડિજિટલ માઈક્રોસ્કોપ અને આધુનિક લિનિયર એક્સિલરેટર છે. CyberKnife અને અદ્યતન સુવિધાઓ દ્વારા ખાસ કરીને મગજના સંવેદનશીલ ભાગોમાં આવેલી જટિલ સ્થિતિઓ જેવી કે, નાનાથી મધ્યમ તેમજ મગજમાં ઊંડે આવેલા AVM , Eloquent Region AVM (બોલવા કે ચાલવા સાથે સંબંધિત મગજનો ભાગ), Cavernous Hemangioma (સ્ટ્રોબેરી જેવી દેખાતી લોહીની નળીઓની ગાંઠ) અને Hemangioblastoma ની સફળ સારવાર કરવામાં આવે છે. બ્રેઈન ટ્યુમર ચોક્કસપણે ગંભીર છે, પરંતુ તે અજેય નથી. જો લક્ષણો વહેલા ઓળખાય અને વિલંબ કર્યા વગર નિષ્ણાતોની સલાહ લેવાય, તો આધુનિક ટેકનોલોજીના સહારે કિંમતી જીવન ચોક્કસપણે બચાવી શકાય છે. 'વહેલું નિદાન એ જ શ્રેષ્ઠ બચાવ છે'.

# શિક્ષણ મંત્રી શ્રી ડો.પ્રદ્યુમન વાજાની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનો ૧૯મો સ્થાપના દિવસ ઉજવાયો




શિક્ષણ મંત્રી શ્રી ડો.પ્રદ્યુમન વાજાની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ)ના ૧૯મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષણ મંત્રીશ્રીએ નવીનીકરણ પામેલા જીટીયુ વેન્ચર્સ ઈન્ક્યુબેશન સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું હતું તેમજ સ્કૂલ ઓફ એપ્લાઈડ સાયન્સ એન્ડ ટેકનોલોજી ખાતે સ્થાપિત જિનોમિક્સ ક્ષેત્રના ઉત્કૃષ્ટતા કેન્દ્રનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

સ્થાપના દિવસ નિમિત્તે જીટીયુ દ્વારા અનેક મહત્વપૂર્ણ પ્રકલ્પોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન જીટીયુની ગૌરવગાથા દર્શાવતું પુસ્તક 'જીટીયુ લિગસી બૂક' તથા સ્ટાર્ટઅપની સફળતાની સ્ટોરીઝ દર્શાવતું પુસ્તક 'જીટીયુ સ્ટાર્ટ અપ સ્ટોરીઝ' પ્રકાશિત કરવામાં આવ્યું હતું. સાથે સાથે આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ અને ઈમર્જિંગ ટેકનોલોજી માટેના સેન્ટર ઓફ એક્સેલન્સ તથા નેનો સેટેલાઈટ ટેકનોલોજી સેન્ટરનું ડિજિટલ લોન્ચિંગ પણ આ તકે કરવામાં આવ્યું હતું. રાજ્યમાં નવીનતા અને કુશળતા વિકાસને વધુ મજબૂત બનાવવા જીટીયુ વેન્ચર્સ અંતર્ગત મહેસાણા, સુરત, વલ્લભ વિદ્યાનગર અને રાજકોટ ખાતે રિજનલ સ્કીલ એન્ડ ઈનોવેશન હબનું ઉદ્ઘાટન પણ આ પ્રસંગે કરવામાં આવ્યું હતું.

શિક્ષણ મંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ રાજ્યમાં ટેકનિકલ શિક્ષણ અને કૌશલ્ય વિકાસ ક્ષેત્રે જીટીયુના યોગદાનની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૭માં તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિથી સ્થાપિત જીટીયુ આજે દેશના ટેકનિકલ શિક્ષણને નવી દિશા આપી રહ્યું છે. યુનિવર્સિટીએ 'જીટીયુ સારથી' AI ચેટબોટ અને ડિજિટલ ડિગ્રી જેવા પ્રકલ્પો દ્વારા ડિજિટલ ક્રાંતિનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ ઉપરાંત, સેમિકન્ડક્ટર અને ક્વોન્ટમ કમ્પ્યુટિંગ જેવી ડીપ ટેક ટેકનોલોજી સાથે સ્ટાર્ટઅપ્સને સાંકળવા માટે GISCને હવે 'જીટીયુ વેન્ચર્સ' તરીકે નવા અવતારમાં વિકસાવવામાં આવ્યું છે, જે આગામી સમયમાં ગ્લોબલ ટેકનોલોજી લીડર્સ ઊભા કરશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, સોલર પાવર અને ઝીરો વેસ્ટ ડિસ્ચાર્જની અત્યાધુનિક સુવિધાઓ સાથે આકાર પામી રહેલું યુનિવર્સિટીનું નવું કેમ્પસ સસ્ટેનેબિલિટી અને ગ્રીન ટેકનોલોજીનું ઉત્તમ પ્રતીક બનશે. મંત્રીશ્રીએ આ અવસરે જીટીયુ પરિવારને આહ્વાન કર્યું હતું કે, સરકાર, ઉદ્યોગ જગત અને શિક્ષણવિદો સાથે મળીને આ સંસ્થાને એવી વૈશ્વિક ઊંચાઈ પર લઈ જઈએ જે વડાપ્રધાનશ્રીના 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ભારત'ના સપનાને સાર્થક કરવામાં મહત્તમ યોગદાન આપે. તેમણે વિદ્યાર્થીઓને ભગવાન બુદ્ધના 'અપ્પ દીપો ભવ'ના મંત્ર સાથે પડકારો ઝીલીને આગળ વધવા પ્રેરણા આપી હતી.

જીટીયુના કુલપતિ ડૉ. રાજુલ કે. ગજ્જરે પોતાના સંબોધનમાં સંશોધન આધારિત શિક્ષણ, ઉદ્યોગ સહયોગ, સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અને વિદ્યાર્થીકેન્દ્રિત પહેલોને રેખાંકિત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ૧૯ વર્ષની ગૌરવપૂર્ણ સફરમાં જીટીયુ ૨.૭ લાખથી વધુ વિદ્યાર્થીઓ અને ૪૮૬ સંસ્થાઓ સાથે વૈશ્વિક સ્તરે વિસ્તર્યું છે. યુનિવર્સિટીએ પ્રથમ સાયકલમાં જ 'NAAC A+' ગ્રેડ અને GSIRFનું ફાઈવ-સ્ટાર રેટિંગ મેળવ્યું છે. જીટીયુના સફળ ઈન્ક્યુબેશન મોડલ હેઠળ હાલ ૮૩૫ સ્ટાર્ટઅપ્સ કાર્યરત છે, જેણે ૪,૮૫૦થી વધુ રોજગારીનું સર્જન કરીને આપણા વિદ્યાર્થીઓને નોકરી શોધનારા નહીં પણ 'નોકરી આપનારા' બનાવ્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષમાં જીટીયુએ ૩૦૦ પેટન્ટ્સ અને ૧૧૦૦થી વધુ રિસર્ચ પબ્લિકેશન્સ નોંધાવ્યા છે. માઈક્રોસોફ્ટ, ટીસીએસ અને એલએન્ડટી જેવી વૈશ્વિક કંપનીઓના સહયોગથી દર વર્ષે હજારો વિદ્યાર્થીઓને એડવાન્સ સ્કીલિંગ પ્રોગ્રામનો લાભ મળી રહ્યો છે. આગામી સમયમાં ગાંધીનગરના લેકાવાડા ખાતે આકાર પામનાર નવું અત્યાધુનિક કેમ્પસ એડવાન્સ સેન્ટર ઓફ એક્સેલન્સ અને ઈનોવેશન હબ જેવી સુવિધાઓથી સજ્જ હશે, જે યુનિવર્સિટીને વૈશ્વિક સ્તરની 'ગ્લોબલ નોલેજ ઈન્સ્ટિટ્યુશન' તરીકે પ્રસ્થાપિત કરશે. સ્થાપના દિવસ કાર્યક્રમમાં યુનિવર્સિટીની શૈક્ષણિક ગુણવત્તા, રિસર્ચ, ઈનોવેશન, સ્ટાર્ટઅપ કલ્ચર અને સામાજિક પ્રતિબદ્ધતાના વિવિધ આયામોને ઉજાગર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર યુનિવર્સિટીની સંસ્થાઓ, પ્રાધ્યાપકો, સંશોધકો અને કર્મચારીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં જીટીયુ દ્વારા કુલ ૧૪ સંસ્થાઓના ૨૬ અભ્યાસક્રમોને રાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત કરવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા, જે ગુણવત્તાસભર ટેકનિકલ શિક્ષણ પ્રત્યે યુનિવર્સિટીની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.પ્રાધ્યાપક સન્માન યોજના અંતર્ગત કુલ ૨૨ પ્રાધ્યાપકોને વિવિધ શ્રેણીઓમાં સન્માનિત કરવામાં આવ્યા હતા. વહીવટી ક્ષેત્રમાં ઉત્તમ કામગીરી બદલ યુનિવર્સિટીના ૭ કર્મચારીઓને શ્રેષ્ઠ કર્મચારી પુરસ્કાર આપવામાં આવ્યા હતા તેમજ ૨ શ્રેષ્ઠ વિભાગોને તેમની કાર્યક્ષમતા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. સંશોધન ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ૫ શ્રેષ્ઠ પીએચ.ડી. પુરસ્કારો સંશોધન માર્ગદર્શકો અને સંશોધક વિદ્યાર્થીઓને સંયુક્ત રીતે પ્રદાન કરવામાં આવ્યા હતા. જીટીયુના રજિસ્ટ્રાર ડૉ. કે.એન. ખેરે સ્વાગત પ્રવચન કરતા સૌને આવકાર્યા હતા. કાર્યક્રમમાં જીટીયુના ભૂતપૂર્વ કુલપતિ પ્રો. (ડૉ.) નવીન શેઠે માર્ગદર્શક ઉદ્બોધન આપ્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી.

જીટીયુના ૧૯મા સ્થાપના દિવસ કાર્યક્રમમાં રત્નમણિ મેટલ્સ એન્ડ ટ્યુબ્સ લિમિટેડના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર શ્રી જયંતિ સંઘવી, રાજ્યભરના શિક્ષણવિદો, ઉદ્યોગજગતના અગ્રણીઓ, વિવિધ વિદ્યાશાખાઓના વડાઓ, સંશોધકો, પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિશ્વ ડેન્ગ્યુ દિવસ અંતર્ગત માંડલના પ્રાથમિક આરોગ્ય ટ્રેંન્ટ ખાતે રેલી યોજાઈ

### ટ્રેંન્ટ આરોગ્ય વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોથી બચવા અને સાવચેતી રાખવા ગ્રામજનોને અપીલ





૧૬ મે, વિશ્વ ડેન્ગ્યુ દિવસ અંતર્ગત માંડલના પ્રાથમિક આરોગ્ય ટ્રેંન્ટ ખાતે રેલી યોજાઈ, જેમાં, આરોગ્ય વિભાગના તમામ કર્મચારીઓ, આશા વર્કર્સ અને સ્થાનિક આગેવાનોએ જોડાઈને ડેન્ગ્યુ થી ફેલાનાર બીમારીઓ અને તેના નિવારક ઉપાયો થી ગ્રામજનોને જાગૃત કર્યા હતા. રેલી દરમિયાન "મચ્છર મુક્ત ગુજરાત", "ડેન્ગ્યુથી બચો- સાવચેતી રાખો" જેવા વિવિધ લોકજાગૃતિના સૂત્રોચ્ચારો કરવામાં આવ્યા હતા. આ સાથે જ ગ્રામજનોને ડેન્ગ્યુના લક્ષણો, તેનાથી બચવાના ઉપાયો અને ઘરની આસપાસ પાણી ભરાઈ ન રહેવા દેવા બાબતે પત્રિકા વિતરણ કરી સમજણ આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ડેન્ગ્યુનું મચ્છર ચોખ્ખા પાણીમાં જન્મે છે, તેથી અઠવાડિયામાં એકવાર ઘરના તમામ પાણીના પાત્રો સાફ કરી સુકવવા અને તથા સુતી વખતે મચ્છરદાનીનો ઉપયોગ કરવો એ ડેન્ગ્યુ સામેનાં રક્ષણ માટે શ્રેષ્ઠ ઉપાયો છે.

### ચોમાસાને ધ્યાનમાં રાખીને જિલ્લાઓમાં વિવિધ મોકડ્રિલ હાથ ધરાશે

# આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને જિલ્લા કક્ષાએ વિગતવાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અને પ્રિ-મોન્સૂન બેઠક પૂર્ણ કરવા તાકીદ કરતા મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતિ રવિ




રાજ્યમાં દર વખતની જેમ આ વર્ષે પણ ચોમાસામાં કોઈપણ જાન કે માલ હાનિ ના થાય તે માટે આપણે સૌએ અગમચેતીના ભાગરૂપે અત્યારથી જ જિલ્લા કક્ષાએ જરૂરી તૈયારીઓ પૂર્ણ કરી દેવી પડશે. આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને જિલ્લા કક્ષાએ વિગતવાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અને પ્રિ-મોન્સૂન બેઠક પૂર્ણ કરવા ગાંધીનગરથી મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ.જયંતિ રવિએ સંબંધિત અધિકારીઓને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જણાવ્યું હતું.આગામી ચોમાસાની પૂર્વ તૈયારી અને સમીક્ષા માટે તમામ જિલ્લાના ડિઝાસ્ટર મામલતદાર તેમજ ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ ઓફિસર-DPO સાથે આજે મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતિ રવિની અધ્યક્ષતામાં SEOC, ગાંધીનગર ખાતેથી ઓનલાઈન બેઠક યોજાઈ હતી. ડૉ. જયંતિ રવિએ મામલતદાર તેમજ DPO સાથે સંવાદ કરતાં કહ્યું હતું કે, જિલ્લામાં ચોમાસાને ધ્યાનમાં રાખીને આગામી ૧૫ દિવસમાં સ્થાનિક વિષય જેવા કે હીટવેવ, પૂર વગેરે આપત્તિ સંબંધિત વિવિધ મોકડ્રિલ તાલુકા સ્તરે હાથ ધરવાની રહેશે. જેમાં દરિયા કિનારના જિલ્લામાં સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી વિશેષ મોકડ્રિલ યોજવામાં આવે તે ખૂબ જરૂરી છે. આ ક્વાયતનું સોશિયલ અને વિવિધ મીડિયાના માધ્યમથી બહોળી પ્રચાર-પ્રસિદ્ધિ થાય તે પણ જરૂરી છે જેથી નાગરિકોમાં વધુ જાગૃતિ લાવી શકાય.

વધુમાં અધિક મુખ્ય સચિવે કહ્યું હતું કે, આ ઉપરાંત ટ્રેનર દ્વારા ગ્રામીણ-શહેરી સ્તરે આપદા મિત્રોને તાલીમ આપીને તૈયાર કરવામાં આવશે.પ્રિ-મોન્સૂનના ભાગરૂપે દરેક ગામના આપદા મિત્રો સહિત અગત્યના ફોન નંબર સાથેની એક અદ્યતન ડિરેક્ટરી એક સપ્તાહમાં તૈયાર કરવી જેથી આપત્તિ સમયે તાત્કાલિક સંપર્ક અને બચાવ કામગીરી કરી શકાય. આ સિવાય NCC અને NSSના યુવાનોની વિગતો-સંપર્ક નંબર તૈયાર રાખવા જેથી જરૂર પડે વોલિન્ટિયર તરીકે તેમની મદદ લઈ શકાય. જિલ્લા, મહાનગરપાલિકા, નગરપાલિકા અને તાલુકા સ્તરે કંટ્રોલ રૂમ, બોટ, જનરેટર, હેમ રેડિયો હોટલાઈન સેટ, સેટેલાઈટ ફોન, લેન્ડ લાઈન ફોન વગેરે સંબંધિત ઉપકરણો ચાલુ સ્થિતિમાં છે તેની રૂબરૂ ખરાઈ-ટેસ્ટિંગ કરી લેવું જોઈએ, જેથી આપત્તિ સમયે તેનો ઉપયોગ કરી શકાય. આ સિવાય ભારે પૂરના સમયમાં જે તે ગામ-શહેરના શેલ્ટર હોમ, સરકારી પ્રાથમિક શાળા, ડેરી વગેરે ઈમારતોની પણ ખરાઈ કરી લેવી જેથી જરૂર પડે તો ત્યાં નાગરિકોને આશરો આપી શકાય? તેમ, તેમણે ઉમેર્યું હતું. ડૉ. રવિએ વધુમાં કહ્યું હતું કે, વિવિધ વિસ્તારોમાં આવતા કાંસ, નાળા, કેનાલ અને તળાવની યોગ્ય સફાઈ થાય તે પણ સુનિશ્ચિત કરવું જોઈએ. જે તે વિસ્તારમાં આવતા જોખમી સ્થળો-જૂના ઘરનું અત્યારથી જ યોગ્ય મેપિંગ કરીને પગલાં લેવા, જેથી મોટી દુર્ઘટના ટાળી શકાય. આ ઉપરાંત રાજ્યમાં જિલ્લા અને તાલુકા કક્ષાએ ડિઝાસ્ટર સંદર્ભે જે જગ્યાઓ? ખાલી હોય તે પણ જલ્દીથી ભરવા ડૉ. રવિએ સંબંધિતોને તાકીદ કરી હતી.

આ પ્રસંગે રાહત કમિશનર શ્રી રાજેશ માંજુએ જણાવ્યું હતું કે, આપત્તિથી બચવા યોગ્ય એક્શન પ્લાન જરૂરી છે જેથી જાનહાનિ ટાળી શકાય. આ એક્શન પ્લાનમાં પ્રિપેર્ડનેસ, રિસ્પોન્સ, રિકવરી અને મિટિંગ જરૂરી છે. ભૂતકાળના અનુભવોનું યોગ્ય દસ્તાવેજીકરણ કરીશું તો આવનાર આપત્તિથી બચી શકાય. જે તે જિલ્લામાં આવતા ડેમ, જળાશયો, કેનાલ તેમજ કાચા મકાનોની વર્તમાન સ્થિતિનો સર્વે કરી લેવો જોઈએ.

આ મિટિંગમાં જેડાના નિયામક શ્રી ગૌરાંગ મકવાણાએ તેમના ભરૂચ કલેકટર તરીકેના અનુભવો પરથી પ્રિ-મોન્સુનની તૈયારી અંગે વિવિધ સૂચનો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, આપત્તિથી બચવા આપણે સૌએ 'સચેત, દામિની અને મોસમ' જેવી એપનો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ. આ પ્રસંગે રાહત નિયામક શ્રી સુભાષ સાવલિયાએ સ્વાગત પ્રવચન કરીને બેઠકની રૂપરેખા આપી હતી. આ બેઠકમાં રાજ્ય અને કેન્દ્રીય એજન્સીઓ જેવી કે, IMD, SDRF, NDRF, GSDMA, GIDM, UNISEF, એરફોર્સ અને સેના દ્વારા આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે વિવિધ પ્રેઝેન્ટેશન રજૂ કરવામાં આવ્યા હતા.

-જનક દેસાઈ

### ૧૬ મે : "રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ સામુદાયિક ભાગીદારી થકી ડેન્ગ્યુ મુક્ત ગુજરાતનો સંકલ્પ

# ગુજરાતમાં "રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ"ની ઉજવણીઃ જનજાગૃતિ દ્વારા ડેન્ગ્યુ-મુક્ત રાજ્યનો સંકલ્પ : આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા

સમગ્ર દેશમાં વર્ષ ૨૦૧૬થી પ્રતિ વર્ષ ૧૬ મે - "રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ ડેન્ગ્યુ રોગના અસરકારક નિયંત્રણ માટે જનજાગૃતિ કેળવી જનસમુદાયની સક્રિય ભાગીદારી મેળવવાનો છે. આ વર્ષે ૧૧મા રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની થીમ "Community Participation Dengue Control: Check, Clean and Cover" (સમુદાયની ભાગીદારી થકી ડેન્ગ્યુ નિયંત્રણ કરીએઃ તપાસીએ, સાફ કરીએ અને ઢાંકીને રાખીએ) નિર્ધારિત કરવામાં આવી છે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના નેતૃત્વમાં રાજ્ય સરકાર ડેન્ગ્યુ નિયંત્રણ માટે સતર્ક છે. રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ" અંગે પ્રતિભાવ આપતા આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, "રાજ્ય સરકાર ડેન્ગ્યુના અટકાયતી પગલાંઓ માટે સંપૂર્ણ સજ્જ છે, પરંતુ આ લડાઈમાં જનસમુદાયનો સાથ અને સહકાર અત્યંત અનિવાર્ય છે. " મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યુ કે, રાજ્યમાં 'હાઉસ ટુ હાઉસ' સર્વે સહીતના અભિયાનો દ્વારા ડેન્ગ્યુને નિયંત્રિત કરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત આરોગ્ય વિભાગના આગોતરા આયોજનના ભાગરૂપે ૨૭ એપ્રિલ થી ૦૬ મે ૨૦૨૬ દરમિયાન રાજ્યવ્યાપી "હાઉસ ટુ હાઉસ" અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડેન્ગ્યુથી કેવી રીતે બચવું ?

ડેન્ગ્યુ એ એડીસ ઈજીપ્તી મચ્છર દ્વારા ફેલાતો રોગ છે, જે ચોખ્ખા પાણીમાં ઈંડા મૂકે છે. જેથી પાણીના પાત્રો જેમ કે, ફ્રિઝની ટ્રે, એર કુલર, પક્ષીકુંજ અને કુંડા નીચેની ટ્રે દર અઠવાડિયે ખાલી કરી, ઘસીને સાફ કરવી. મચ્છરના ડંખથી બચવા આખી બાંયના કપડાં પહેરવા અને રાત્રે મચ્છરદાનીનો ઉપયોગ કરવો.

ઘરની આસપાસ ભંગાર, ટાયર કે નાળિયેરની કાચલીઓ જેવી વસ્તુઓ ખુલ્લામાં ન રાખવી જ્યાં પાણી ભરાઈ રહે. સખત તાવ કે સાંધાના દુખાવા જેવા લક્ષણો જણાય તો જાતે દવા લેવાને બદલે નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો. ખાસ કરીને ડેન્ગ્યુની આશંકા હોય ત્યારે એસ્પિરિન (Aspirin) દવાનો ઉપયોગ ન કરવો.

આ અભિયાન અંતર્ગત કુલ ૨૩,૦૦૦થી વધુ ટીમો દ્વારા ૨ કરોડથી વધુ ઘરો, ઓફિસો અને ઔદ્યોગિક વસાહતોની મુલાકાત લેવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ૧ લાખથી વધુ ઘરોમાં મચ્છરના પોરા (Larvae) મળી આવ્યા હતા અને તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.